॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

જૂન ૨૦૧૨
રૂા. ૫/૦૦

## ભુજ પ્રસાદી મંદિરમાં ધામધૂમથી ઉજવાયો શ્રીઘનશ્યામ મહારાજાદિ દેવોનો દ્વિતીય વાર્ષિક પાટોત્સવ



પંચામૃત મહાભિષેક



અન્નકૂટ દર્શન



રાજોપચાર પૂજા





શ્રી નરનારાયણદેવ શ્રી રાધાકૃષ્ણદેવના ચંદનના વાઘાના દર્શન



પંચાહ્ન પારાયણના યજમાન પ.ભ. નાથાભાઈ હાલાઈ



શ્રી સ્વામિનારાયણ મંદિર અંજારના નવા બાંધકામ માટે નવા જેસીબીનું ઉદ્ઘાટન કરતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી સાથે આર્થિક સહયોગ આપનાર પ.ભ. લાલજીભાઈ તથા ઘનશ્યામભાઈ














(૧) કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાનોનું યુવા સત્સંગ સંમેલન-કેરા. (૨) ભુજ મંદિરમાં પારાયણ પ્રસંગે સોનાનો હાર ભેટ અર્પણ કરતા યજમાન ભક્તિનગર માનકુવાના પ.ભ. પરેશ મનજી સ્વીકારતા પ.પૂ. મહંત સ્વામી-ભુજ. (૩) શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિભવન અમદાવાદ-૨નું પુરજોશમાં ચાલતું બાંધકામ. (૪) શ્રી સ્વામનારાયણ યુવક મંડળ વુલ્વિચ યુ.કે.માં સંતો સાથે યુવાનો. (૫) ભુજ મંદિરમાં કથાપારાયણની આરતી કરતા દહિંસરાના યજમાન પરિવાર. (૬) ભુજ મંદિરની સંત પરંપરામાં એક નવા મુમુક્ષુને મહામંત્રનો ઉપદેશ આપતાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રી નવા સંતનું નામ સ્વામી હૃદયપ્રકાશદાસજી.

## દયાપર














॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- ***અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.***
- ***પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.***


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૧૮, કુલ્લ અંક ૧૯૭

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૧, અંક - ૬ - જૂન - ૨૦૧૨
સળંગ અંક - ૩૧૯

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**
સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી




**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.
ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧
**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org
**website :** www.bhujmandir.org.

# તંત્રીની કલમે



હિન્દુસ્તાનની સંસ્કૃતિમાં માતાપિતાને દેવ પદવી મળેલી છે. મા બાપની સેવા અને આજ્ઞાપાલનની પરંપરા પ્રાચીન સમયથી વારસાગત બક્ષિસ છે.

વસિષ્ઠમુનિ જેવા મહર્ષિઓ, મહારાણા પ્રતાપ છત્રપતિ શિવાજી જેવા શૂરા રાજકર્તા, સરદાર પટેલ અને લાલબહાદુર શાસ્ત્રી જેવા દેશભકતો, રાણી અહલ્યાબાઈ, રાણી લક્ષ્મીબાઈ તથા શિયળની રક્ષા માટે જૌહર કરનાર ક્ષત્રિય વીરાંગનાઓ, માતૃભૂમિ માટે સરફરોશી કરનાર ભગતસિંહ જેવા દેશભકતોની વાત કરતાં ઉદ્ગાર નીકળી પડે છે ધન્ય છે તેમનાં માત પિતાને !

બાળકના ઉછેર અને સંસ્કાર સિંચનમાં માતાનો અને બાળકની કારકીર્દિના ઘડતરમાં પિતાનો જવાબદારી ભર્યો હિસ્સો છે. બાળકને સ્તનપાન સાથે સંસ્કારનું પાન કરાવતી માતાની તુલનામાં કોઈ આવી શકતું નથી. મા તે મા, બીજા બધા વગડાના વા. કવિ કહે છે જનની નીજોડ સખી નહી જડે રે લોલ. માતા અને માતૃભૂમિ સ્વર્ગ કરતાં અધિક છે. કહેવામાં આવ્યું છે કે સ્વર્ગ માતાના પગ નીચે આવેલું છે.

ગણપતિ દેવે માતા પિતાની પ્રદક્ષિણા કરી પૃથ્વીની પ્રદક્ષિણાનું ફળ મેળવ્યું હતું. શ્રીપાદ શ્રી વલ્લભપ્રભુએ ગૃહત્યાગ કરતાં પહેલા માતા પિતાની ત્રણ પ્રદક્ષિણા કરી હતી.

ભગવાન સ્વામિનારાયણે પોતાના આશ્રિતોને જીવનભર માતા પિતાની સેવા કરવાની આજ્ઞા કરી છે. સ્વયં પોતે પણ માતા પિતાની સેવા કરી છે. બાળકના ઉછેરમાં માતા પિતા બન્ને પૂરક છે. બાળકનું માતા પિતા બન્ને પ્રત્યેનું ઋણ સમાન છે.


માતા પિતાની વૃધ્ધાવસ્થામાં ભકિતભાવે તેમની સેવા કરી કાવડમાં ખભે લઈને તીર્થયાત્રા કરાવનાર શ્રવણનું નામ ઉદાહરણ તરીકે લેવામાં આવે છે. આપણા વર્તમાન સમયની વાત કરીએ તો ૧૪૮ વર્ષ ઉપર વેદશાસ્ત્રો મહાપંડિત, યોગી, ભક્તરાજ વિઠલ અનત પિપળગાંવ કરે પોતાનાં માતા પિતાની ઈચ્છાને પરિપૂર્ણ કરવા તેમને કાવડમાં ખભે લઈ તીર્થયાત્રા કરાવી હતી, કાવડી બુવા તરીકે જાણીતા છે. તેમનો અ.વા. ૨૪–૬–૧૮૬૩ના થયો હતો.

સ્ત્રી પુરુષના શરીરોનું બંધારણ અને અંતઃકરણની સૂક્ષ્મક્રિયાઓના કુદરતી નિર્માણને આધારે તેમની ફાવટ પ્રમાણે સ્ત્રીને ગૃહિણીનાં અને પુરુષને કારકિર્દીનાં કાર્યો સ્વાભાવિક સ્વયંભૂ પ્રચલિત થયેલાં છે. કાયદાથી, નિયમો બનાવીને કાર્યોની વહેંચણી કરવામાં આવેલી નથી. તેમાં ગૃહિણીનો દરજ્જો પરિવારમાં તથા સમાજમાં ઉંચા સ્થાને છે. પતિવ્રતા નારી તરીકે ગૌ સેવા બાળ ઉછેર, અતિથિ સત્કાર, દેવપૂજા, ગૃહસંચાલન, વ્યવહાર અને ભોજનપ્રદાન જેવો પવિત્ર કાર્યભાર સંભાળે છે. જેમાં તેની સ્ત્રી મર્યાદાનું જતન, સહજ થાય છે.

સ્ત્રી શિક્ષણનું પ્રયોજન તેની ગૃહિણી ફરજોને સમૃધ્ધ, તેજસ્વી બનાવનારી હોય એ આવકાર્ય છે. પરંતુ તેને પુરુષ સમોવડી બનાવવાના નામે પુરુષપ્રવૃતિઓમાં જોડવી હિતાવહ નથી. આવી કહેવાતી સુધારક ચળવળ ગૃહિણીનાં ઉમદા કાર્યો પર માઠી અસર કરનાર બની છે. બાળ ઉછેર દાસી કે નોકરને હાથે અથવા ઘોડિયા ઘરમાં થાય, અને વૃધ્ધ માતા પિતા વૃધ્ધાશ્રમમાં ધકેલાય છે. ગૃહિણી પારિવારિક અને સંબંધી પુરુષો સિવાયના ફાલતુ પુરુષો સાથે હાસ્ય વિનોદ કરવામાં મર્યાદાનું પગથિયું ચૂકી જાય છે.

આઠ દાયકા અગાઉ નાટયકાર કવિ આગમની એંધાણી પારખીને કહે છે 'ભણીગણીને ભાષણ કરવા તમે જશો ત્યારે ઘરની સાર કરશે કોણ ?' આજે ઘરઆંગણાની ગાયમાતા રખડતી ફરે છે અને દીકરી લોકરંજન કરનાર નટી બનવાના સ્વપ્નમાં રાચે છે, ત્યારે માતૃદેવો ભવ પિતૃદેવો ભવ આદર્શોનું યથાર્થ પાલન થતું રહે એવી અભ્યર્થના. જયશ્રી સ્વામિનારાયણ.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



**લેખાંક - ૮**

**લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી**

“સારા નરસા વિષયમાં સમાન બુદ્ધિ થવી તેતો જાણે જે એક દિવસેજ એમ કરી લઉં ને નિર્મોહિ થઉં એમ ઉતાવળે એ કામ થતું નથી એતો હળવે હળવે આદર રાખે તેને થાય છે, જેમ કુવાના કાંઠ ઉપર પથરો નાખ્યો હોય તેમાં પાણિ સિંચતાં સિંચતાં દોરડી નરમ હોય તોપણ ઘણે કાળે કરીને તે પાળામાં કાપા પડે છે, અને જો લોઢાની સાંકળે કરીને સિંચે તોપણ ઉતાવળે એવો કાપો ન પડે, માટે કલ્યાણને અર્થે જેને યત્ન કરવો હોય તેને વિષયમાંથી આસક્તિ ટાળવી એને વિષે આકળા થઇને અકળાઇ જવું નહિ,” (વચનામૃત ગ.મ.૧)



“જેમ કુવાના કાંઠા ઉપર મહા કઠળ પથરો હોય છે તેને વિષે નિત્યે પાણીને શિંચવું તેણે કરીને નરમ દોરડી છે તેપણ કાપા પાડે છે, તેમ જે સાધુ જ છે ને તે જે સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ રાખશે તો તે સ્વભાવ ક્યાં લગી રહેશે ? એતો નિશ્ચય નાશ પામશે” (વચનામૃત ગ.મ.૩૩)

શ્રીહરિએ કુવાના કાઠા ઉપર લગાવેલ પથ્થરનું સર્વાનુભવ દૃષ્ટાન્ત આપીને જીવને કેટલી મહાન ધીરજ આપી છે. ભક્ત જો સંસારમાંથી વૈરાગ્ય ઇચ્છતો હોય તેને ઉતાવળ ન કરવી જોઇએ અને જો ઉતાવળ કરીને સંસારને છોડી દે છે તો તે પાછો પડી જાય, પરન્તુ જો સમજી વિચારીને ધીરે ધીરે સંસારને છોડે છે તે સાચો વૈરાગ્યવાન બને છે, અને સ્વભાવને ટાળવાનો નિત્ય અભ્યાસ કરવા માટે પણ શ્રીહરિએ એ જ દૃષ્ટાન્ત આપ્યું છે.

તો તે દૃષ્ટાન્ત કરીને કહીએ છીએ જે, જેમ પાણિયારી હોય તે કુવા ઉપર જળ સિંચવા જાય છે ત્યારે કુવામાં ન પડી જાઉં અને બીજી વૃત્તિએ કરીને કુવામાંથી પાણી સિંચે છે. વળી બીજું દૃષ્ટાન્ત-જેમ કોઇક પુરુષ ઘોડે ચડ્યો હોય ત્યારે ઘોડાના પેંગડામાં પગ હોય ત્યાંપણ સુરત રાખે અને દોડતાં થકાં વાટમાં ઝાડ આવે ખાડો આવે પથરો આવે ત્યાંપણ સુરત રાખે, એવી રીતે આ સર્વ સાધુ છે તે અંતર સન્મુખ દૃષ્ટિ રાખીને ભગવાનની સેવામાં પણ રહે છે ને દેહની ક્રિયાપણ કરે છે ને પોતાની સ્થિતિમાંથી ડગતા નથી. (ગ.અંત્ય. ૯)

આવા અનેક દૃષ્ટાન્તો વચનામૃતમાં જોવા મળે છે જેના અધ્યયનથી જીવ, ઈશ્વર, માયા. બ્રહ્મ અને પરબ્રહ્મના અનાદિ ભેદનાં રૂપ-સ્વરૂપ, ગુણ તેનો પરસ્પર સંબન્ધ પણ સરલતાથી સમજી શકાય છે. શાસ્ત્રોમાં જ્યાં દુર્બોધ પણે રહેલા અર્થોને સુબોધ કરવા તરફ વચનામૃતનું વલણ સ્પષ્ટ પણે દેખાઇ આવે છે.

(અત્યારસુધીના લેખોમાં આપણે વેદો અને વૈદિકજ્ઞાનની પૂર્વભુમિકા અને તેની ઉપયોગીતા વિશે જાણ્યું હવે પછીના લેખોમાં વેદ થી લઇને વચનામૃત સુધી જે જે વેદોપબ્રહ્મક ગ્રન્થો છે તેનો સંક્ષિપ્ત પરિચય અને તે તે ગ્રન્થનો યુગ (કાળ) માં તેની ઉપયોગીતાની વિશેષ વિચારવિમર્શ કરવામાં આવશે.)

**વેદનો સંક્ષિપ્ત પરિચય**

વેદ એટલે જ્ઞાનનો ભંડાર, પ્રાચીન વિશ્વનું અને વિશેષ કરીને ભારતવર્ષનું આધ્યાત્મિક તત્ત્વજ્ઞાન, વૈજ્ઞાનિક તત્ત્વજ્ઞાન, પ્રાકૃતિક રહસ્યજ્ઞાન, બ્રહ્મવિદ્યા, ૬૪ કલા અને ૧૪ વિદ્યાઓ

જેમાં સંગૃહીત છે તે ગ્રન્થને 'વેદ' કહે છે. સાયણાચાર્યનો ઋગ્વેદ ભાષ્યની ભૂમિકામાં એક પ્રશ્ન છે -

**क्रो नाम वेद?**

વેદ એટલે શું?

પ્રશ્નના ઉત્તરમાં તેઓ પોતે જ કહે છે -

**मंत्रब्रह्माणात्मक्रो वेदः।**

મંત્ર-સંહિતા) અને બ્રાહ્મણ ગ્રંથો મળીને 'વેદ' ગણાય છે.

વેદની સંહિતાઓ અને સંહિતાઓ પર લખાયેલા બ્રાહ્મણ ગ્રંથો મળીને એકઠા થયેલા સંગ્રહને 'વેદ' ગણાવા જોઇએ.

(સંહિતા અને બ્રાહ્મણ્ય ગ્રન્થોનો પરિચય આગળ આપવામાં આવશે)

વેદમાં કોનું જ્ઞાન સંગૃહિત છે?

**वेदोऽखिलो धर्ममूलम्।**

સમગ્ર વેદ ધર્મનું મૂળ છે.

સમગ્ર સનાતન ધર્મ જેને વૈદિક ધર્મ અથવા હિન્દુ ધર્મ કહિએ છીએ આ ધર્મ વેદ થકી જ આવ્યો છે. એટલું જ નહી પરન્તુ સમગ્ર વિશ્વમાં જે ધર્મો અથવા જે જ્ઞાન છે તે સમગ્ર વેદમાં થી જ આવ્યું છે.

**क्रो नाम धर्मः?**

વૈદિક ધર્મ એટલે શું?

ધર્મનાં ચાર અંગ છે - ૧ આધ્યાત્મ ૨ દર્શન ૩ નીતિ ૪ ક્રિયાકાંડ

આ ચારે તત્ત્વયુક્ત જે ધર્મ છે તેનું જ્ઞાન વેદમાં સંગૃહીત છે અને તે અર્થમાં વેદ જ્ઞાનગ્રન્થ, જ્ઞાન ભંડાર, જ્ઞાન સાગર છે.

આગળના લેખોમાં આપણે જાણ્યું તેમ વેદ નિત્ય છે. તેના ઉપદેષ્ટા અને ગાન કર્તા ભગવાન સ્વયં છે. તેથી વેદ અપૌરુષેય છે એટલે કે કોઇ પુરુષ (માનવ વ્યક્તિ)ની રચના નથી. વેદ સનાતન છે, વેદ એટલે જ્ઞાન. વેદમાં જે રહસ્યજ્ઞાન વ્યક્ત થયું છે તે સનાતન છે. તે જ્ઞાન કોઇ પુરુષની રચના નથી, તે જ્ઞાનનું સર્જન કોઇ પુરુષે કર્યું નથી, કારણ કે તે જ્ઞાન તો સનાતન છે. તેથી વેદ સનાતન અને અપૌરુષેય ગણાય છે. વેદના ઋષિઓ વેદના કર્તા કે રચયિતા નહિ પણ વેદના દ્રષ્ટા ગણયા છે. ઋષિઓએ તે જ્ઞાનનું દર્શન કર્યું તેથી તેઓ દ્રષ્ટા ગણાયા છે.

વેદનું જ્ઞાન જે શબ્દોમાં વ્યક્ત થયું છે તે શબ્દો પણ ઋષિઓએ બુદ્ધથી વિચારીને ગોઠવેલા નથી. જ્ઞાનની સાથે શબ્દોનું પણ દર્શન થયું, તેથી મંત્રનું જ્ઞાન અને મંત્રના શબ્દો પણ અપૌરુષેય અને સનાતન છે. તેમ સમજવું જોઇએ.

વેદનું જ્ઞાન અપૌરુષેય હોવાથી સ્વતઃ પ્રમાણ છે. સનાતન ધર્મની દાર્શનિક પરંપરામાં પ્રત્યક્ષ અને અનુમાનની જેમ આગમને પણ પ્રમાણ તરીકે સ્વીકારવામાં આવે છે. **ક્રમશઃ**

## sp.` -6-12 \u sp.4-7-12 k^u LÃRdp L\p `pfpeZp

તા.૫-૬-૧૨, જેઠ વદ ૧ મંગળવારથી ૫ દિવસ કોડકી

તા.૬-૬-૧૨, જેઠ વદ ૨ બુધવાર થી ૫ દિવસ નારાણપર

તા.૧૦-૬-૧૨, જેઠ વદ ૭ રવિવારથી ૫ દિવસ અંજાર સ્વા.ના. મંદિર

તા.૧૩-૬-૧૨ જેઠ વદ ૯ બુધવાર થી ૪ દિવસ ભુજ મંદિર

તા.૧૩-૬-૧૨ જેઠ વદ ૯ બુધવારથી ૫ દિવસ રામપુર જૂનોવાસ

તા.૧૮-૬-૧૨ જેઠ વદ ૧૪ સોમવારથી ૫ દિવસ મેઘપર સ્વા.ના. મંદિર

તા.૨૨-૬-૧૨ અષાઢ સુદ ૩ શુક્રવાર થી ૫ દિવસ ભુજ બંન્ને મંદિર

તા.૨૭-૬-૧૨ અષાઢ સુદ ૮ બુધવાર થી ૭ દિવસ ભુજ મંદિર

તા.૧-૭-૧૨ અષાઢ સુદ ૧૨ રવિવાર થી ૫ દિવસ નારાણપર સ્વા.ના. મંદિર



# શ્રી હરિના દર્શન કરવાની આ પણ એક રીત છે...

લેખક : રમણ ગજ્જર ભુજ.



શ્રી સ્વામિનારાયણ મંદિરમાં જઇને આપણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ છીએ. ત્યારબાદ શ્રી હરિની મૂર્તિનું એકીટશે દર્શન કરીએ છીએ, અને સહૃદયથી પ્રાર્થના કરીએ છીએ.

એ પ્રભુની આપણને કેવી સરસ પ્રાપ્તિ થઇ છે. તેનું મહિમાગાન ગાતા સદ્‌ગુરૂ શ્રી પ્રેમાનંદ સ્વામી તેમની એક રચનામાં કહે છે કે, ''પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ, કાંઇ કહ્યામાં નાવે વાત મારી બેની... પ્રગટ હરિ મુજને મળ્યા રે લોલ.''

એ હરિ પૂર્ણ પુરુષોત્તમ છે. રાજાધિરાજા છે. એ હરિ મુકિત આપીને આપણને ભવસાગર પાર કરાવે છે. શ્રી હરિની મૂર્તિ આનંદકારી છે. તે શરણાગતને ન્યાલ બનાવે છે. પ્રેમી ભકતોના હિતકારી છે. ભકતોની ભીડ-દુઃખ દૂર કરે છે.

એ હરિ પ્રેમી ભકતોને ખોળી ખોળીને ''અભયપદ''નું વરદાન આપે છે. માત્ર આપણે પ્રેમી ભકત બનવાનું છે. શ્રી હરિ પ્રગટ અને પ્રત્યક્ષપણે દર્શન આપીને આપણા સર્વ મનોરથો પૂર્ણ કરે છે. અને આપણા ગૃહમંદિરને પાવન કરવા આપણા ઘેર પધાર્યા છે. ત્યારે તે વાત સદ્‌ગુરુ શ્રી મુકતાનંદ સ્વામી તેમના કીર્તનમાં આમ રજૂ કરે છે. ''સજની કોડે આનંદ ઘેર કૃષ્ણ પધાર્યા આવી મારા તનડા કેરા તાપ નિવાર્યા... સજની કોડ આનંદ ઘેર કૃષ્ણ પધાર્યા.''

ભગવાનના દર્શન કરતા કરતા આપણી ભવોભવની ભૂખ ભાંગી જાય છે. પણ જો દર્શન કરતાં આવડે તો ! શ્રી હરિની મૂર્તિના એક એક અંગનું રસપૂર્વક દર્શન કરતાં આવડવું જોઇએ. એ હરિના મુખનું દર્શન કરતાં સદ્‌ગુરુશ્રી બ્રહ્માનંદ સ્વામી લખે છે કે, ''મુખડાની માયા લાગી રે, મોહન તારા મુખડાની માયા લાગી રે... મુખડાની મીઠી વાણી, તેણે મન લીધું તાણી; ઝબકીને સૂતી જાગી રે... મોહન તારા મુખડાની માયા લાગી રે.'' આવી માયા આપણને લાગવી જોઇએ.

સંસારના સુખને ઝાંઝવાના નીર જેવા જાણી, તુચ્છ ગણીને શ્રી હરિના દર્શનમાં જે ભકત તલ્લીન થઇ જાય તે ભકતને બીજું કંઇ કરવાનું બાકી રહેતું નથી. તેણે માનવ દેહ ધરીને કરવા જેવું બધું કરી લીધું છે.

ટુંકમાં ઝડપથી મંદિરમાં દર્શન કરીને સડસડાટ બહાર નીકળી જનારને ભગવાનના દર્શનનું સાચું સુખ મળતું નથી. શ્રી હરિના દર્શન કરતી વખતે આપણા સુખ-દુઃખનો અહેવાલ તેમને કહેવો જોઇએ. શું આપણે આમ કરીએ છીએ ખરાં ? જયશ્રી સ્વામિનારાયણ

# અલૌકિક વાત

- લી.શ્રી સત્યપ્રકાશ પાંડે, માંડવી

એક રાજાનો મંત્રી ખૂબ જ ધાર્મિક હતો. દરરોજ સવારે નાઇ ધોઇ પરવારીને ભગવાનનાં પૂજા પાઠ કરે. પછી રાજ દરબારમાં આવે. એમાં એક દિવસ પૂજામાં થોડીવાર થઇ એટલે મંત્રીને રાજસભામાં પહોંચવાનું થોડું મોડું થઇ ગયું. એટલે રાજા ગુસ્સે ભરાયો અને મોડા પહોંચવાનું કારણ પૂછયું. ત્યારે મંત્રીએ સાચું કારણ જણાવ્યું ત્યારે રાજા એ કહ્યું કે હું પુછું એ પ્રશ્નના જવાબ આપો નહીંતર તમને આકરી સજા કરીશ.

રાજાએ મંત્રીને પ્રશ્ન પૂછયા કે ભગવાન કયાં બેસે છે ? કઇ દિશામાં મુખ રાખે છે ? અને તે શું કરે છે ? મંત્રી અકળાયો હું કાલે જવાબ આપીશ એમ કહી તે પોતાના ઘેર ગયો પણ મનને ચેન નહીં પડવાથી તે દુઃખી થયો. એવામાં તેને ઘેર એક સંત આવ્યા. તેણે મંત્રીને દુઃખનું કારણ પૂછયું. મંત્રીએ કારણ કહી ને દુઃખ સંભળાવ્યું. ત્યારે સંતે કહ્યું તમે ચિંતા કરશો નહી. તેનો

જવાબ હું રાજાને આપીશ. બીજા દિવસે સંત કચેરીમાં ગયા અને કહ્યું. આવા જવાબ તો અમારા માટે સામાન્ય છે તેથી તમારા પ્રશ્નોનો જવાબ હું આપીશ. પણ તે પહેલાં મને યોગ્ય સ્થાન મળવું જોઇએ. વક્તા થી નીચે શ્રોતા એ બેસવું આ એક નિયમ છે. રાજાએ તેમ કર્યુ. તે સંતને ગાદી ઉપર બેસાડયા અને પોતે નીચે બેઠા.

પછી ભગવાન કયાં રહે છે ? એ પ્રશ્નનો ખુલાસો માંગ્યો ત્યારે આ સંતે દહીં મંગાવ્યું અને પૂછયું કે આમાં માખણ કઇ જગ્યાએ છે ? ત્યારે રાજાએ કહ્યું ''સર્વત્ર'' છે તેજ પ્રમાણે ભગવાન પણ ''સર્વત્ર'' છે દહીંનું મંથન કરી જેમ માખન કાઢે છે તેમ ભકતો ''હૃદય''મા મંથન કરી પ્રભુને પ્રગટ કરે છે.


ભગવાન કઇ બાજુ મુખ રાખે છે ? એવો બીજો પ્રશ્ન પૂછયો ત્યારે સંતે દીવો મંગાવ્યો અને પુછયું કે આ દીવાનું મુખ કઇ બાજુ છે રાજા બોલ્યો બધી બાજુ છે ત્યારે સંત બોલ્યા કે આવી જ રીતે ભગવાન પણ બધી બાજુ પ્રકાશ આપી રહ્યા છે.

ભગવાન શું કરે છે ? એવો ત્રીજો પ્રશ્ન પૂછયો, ત્યારે સંતે કહ્યું તમે વજીરની જગ્યાએ બેસો અને વજીર તમારી જગ્યાએ બેસે. રાજા એ તેમ કર્યુ. એટલે સંત બોલ્યા જેમ તમારી બદલી કરી તેજ પ્રમાણે ભગવાન મનુષ્યના કર્મ અનુસાર રાજાને રંક અને રંક ને રાજા કરે છે. રાજા સંતના જવાબો થી અતિ પ્રસન્ન થયા. તેમને યોગ્ય સન્માન આપી વિદાય કર્યા.

વ્હાલા મિત્રો આ વાત વાંચીને તમને ખ્યાલ આવ્યો હશે કે ભગવાન તો સર્વત્ર છે અને જે કાંઇ થાય છે એ ભગવાનની ઇચ્છાથી થાય છે એ કયારે પણ ભૂલાવું જોઇએ નહીં. અને એમાં પણ વળી આપણા માટે તો આપણા ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાને ડંકો વગાડીને કહ્યું છે કે દેવ, આચાર્ય, સંત અને શાસ્ત્ર આ ચાર સ્વરૂપે હું અખંડ રહ્યો છું.

માટે આપણે આપણા મંદિરમાં દર્શન કરીએ ત્યારે એવો ભાવ રાખીને દર્શન કરવા કે પ્રત્યક્ષ ભગવાન સામે ઊભા છે તો ભગવાન આપણી પ્રાર્થના જરૂર સાંભળશે.

---



# સુપેડીના ડાહ્યાભક્ત

– જોધાણી રમીલા દેવજી

વ્હાલા ભક્તો જો જો ભગવાનના ભક્ત અપાર કસોટીમાંથી પસાર થાય છે. એવા ભક્ત ગામ સુપેડીના ડાહ્યાભક્ત હતા. આ ડાહ્યાને સાધુના સ્મરણથી ભગવાનનો પૂરેપૂરો નિશ્ચય થયો હતો. ભગવાનના ભક્ત થયા તેથી તેના મા-બાપ, સગા-સંબંધીઓ મશ્કરી કરવા લાગ્યા. અને અપાર દુ:ખ આપવા મંડયા. પણ ડાહ્યો કહે હું સત્સંગનો ત્યાગ નહીં કરું. ડાહ્યાનું વચન સાંભળી સાધુ ઘણા પ્રસન્ન થયાં. ડાહ્યાના બાપને બધાએ કહ્યું કે તમારો ડાહ્યો સ્વામિનારાયણીયો થયો છે. તમે તો વૈષ્ણવ છો માટે તમારા દીકરાને સત્સંગ મૂકાવી દો. કંઠી તોડાવી નાખો. નહિંતર તને શિક્ષા કરીશું. ડાહ્યા ભક્ત કહે. મારાથી સત્સંગ મુકાય તેમ નથી. તેના પિતાએ વિચાર કર્યો જે આ સાધુએ આ ડાહ્યાના જીવમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન ઘાલી દીધા છે. તેથી સત્સંગનો ત્યાગ કરશે નહિ.


ગોપાળે પોતાના ચાકરને આજ્ઞા કરી કે આને આપણા ખેતરમાં લઇ જાઓ ને ડાહ્યાના બે પગ બાંધીને ઊંધે માથે કૂવામાં ડૂબકાં ખવરાવો. મરી જાય તો ભલે પણ કંઠી તોડી નાખે ને સત્સંગનો ત્યાગ કરે. તેથી ડાહ્યાને ખેતરે લઇ ગયા. ઘણો સમજાવ્યો પણ માન્યો નહિં. ત્યારે તેના પગ બાંધીને વારે વારે ડૂબાડે પણ ધીરજ રાખીને એમ બોલે જે ભગવાન પ્રહ્‌લાદની

રક્ષા કરી તેમ મારી રક્ષા કરશે. વાલા ભક્તો કેવો એનો બાપ છે ? આવી ધીરજને જોઇને પુરુષોત્તમ નારાયણ દેખાણાં અને કૂવામાંથી બહાર કઢાવ્યો. શ્રીજી મહારાજે પોતાના કોમળ હાથ ડાહ્યાના મુખ પર ફેરવ્યા અને કે પ્રહલાદની જેમ ધીરજ રાખી તેમને તેમ રાખજે એમ કહીને અંતર્ધાન થઇ ગયા. આવાં બનાવ જોઇને ઘણાં જ લોકો આશ્ચર્ય પામી ગયા. ડાહ્યાને ઘેર લઇ આવ્યા. અને તેના પિતાને વાત કરી જે સ્વામિનારાયણ ભગવાન ડાહ્યાની ધીરજને આધીન થયેલા છે. અને ભગવાનનું ભજન કરવા દો. પણ તેના બાપને ગમ્યું નહીં. ડાહ્યાને ઘરમાં પૂરીને તાળું વાળી ચાવી પોતાની પાસે રાખીને કહ્યું કે સત્સંગનો ત્યાગ કરીશ ત્યારે હું તને ખાવા આપીશ. એમ કહીને ત્યાંથી ચાલી ગયો. અક્ષરપતિ સહજાનંદ સ્વામીએ રાત્રિના બાર વાગે ડાહ્યાને દર્શન દઈને તેને જમાડયો. પાણી પાયું. પહેલા ઘરમાંથી કોઇ ન જાણે તેવી રીતે એક રાત્રિમાં ગઢપુર પહોંચાડી દીધો. ત્યાં ડાહ્યાને દીક્ષા આપીને સાધુ કરી પોતા પાસે રાખ્યો. તેને બે-ચાર વર્ષ થયાં ત્યારે ગોપાળને કોઇક એવા સમાચાર આપ્યાં કે તારો દીકરો ગઢડામાં સાધુ થઇ ગયો છે. વળી, પાછા તેના પિતા લઇ આવ્યા. પૂર્વની માફક દુઃખ આપવા લાગ્યા. ડાહ્યાએ દુઃખ બહુજ સહન કર્યુ પણ ધીરજમાંથી ડગ્યો નહિ. વળી, ભગવાને દર્શન દીધા. અને ગઢડે લઇ આવ્યા. દીનદયાળ ડાહ્યાને બાથમાં ઘાલીને મળ્યા. તેની આંખોમાંથી જળ પડવા લાગ્યાં. સહુ સંતો તથા હરિભકતોની આગળ મહારાજે વાત કરી જે આ ડાહ્યાલાલ પ્રહ્લાદ છે અને તેના પિતા હિરણ્યકશીપુ છે. બહુ જ ધીરજ રાખીને મારો ત્યાગ કર્યો નહિ. ધન્ય છે આ ભૂમિને કે જેણે આવા ભક્તો આપણને આપ્યાં છે. તેમાંથી શીખવા મળ્યું જે સહન શક્તિ કેવી રીતે શીખીશું ? આવા સંપ્રદાયમાં થઇ ગયેલા ભક્તોના આખ્યાનો વારંવાર સાંભળવાથી. બસ એજ જયશ્રી સ્વામિનારાયણ..

## અતિ આર્શ્વય કારી બોધક

# નિલકંઠ અને રાજારણજીતસિંહનો વાર્તાલાપ

– લેખક : રસિકભાઇ રા.ગોળવિયા, સુરત



આપણા સત્સંગના શાસ્ત્રોમાં આટલા વિસ્તારથી અને અતિ સુક્ષ્મ વાતો મળતી નથી તેવી વાતો આધારાનંદસ્વામી ઉર્ફે સિધ્ધાનંદસ્વામી જે મહારાજ દીક્ષિત સંત અને સત્સંગનીમા એવા સ.ગુ.મુકતાનંદસ્વામીના શિષ્ય મુકતાનંદસ્વામી અને દાદાખાચરના સંવાદે શ્રી હરિ ચરિત્રામૃતસાગર નામના મહાગ્રંથમાં મળે છે. નિલકંઠવર્ણી અન્નકુટના દર્શન પછી બદ્રીનાથથી માનસરોવર વગેરે જગ્યાએ ગયા અને બદરીવન જયાં શ્રી નરનારાયણ ભગવાન ઋષિરૂપે તપ કરે છે ત્યાં જઇ એક બીજાને આદરભાવથી મળે છે. જયાં તપ કરવાના આશય અને ઋષિઓના તપના ફલરૂપે દર્શન આપવા ગયા છે. જયાં ૬ મહિના અન્ન લીધું નથી. તેમજ હિમાલય માનસરોવર અને બદરીવનમાં શ્રી નરનારાયણ ઋષિના આશ્રમમાં એક વર્ષ રહી ફરી પાછા બદ્રીનાથ આવીને દર્શન કરી અન્ન જમે છે અને કૈલાશ માનસરોવર, બદરીવનની અને ત્યાં ઋષિમુનીઓ અને વન્ય પશુ પક્ષી, પ્રાણી વનની શોભા વગેરેનું વર્ણન કરીને બદીનાથના બધાને સંભળાવે છે. જયાં તે વખતે પંજાબનો રાજા રણજીતસિંહ જેના સૈન્યમાં બે લાખ ઘોડે સવારો હતા જેને ઘણાં જ કોશોનું રાજય હતું. તે બદ્રીનાથના દર્શન કરવા આવેલ. જેણે વર્ણીરાજ શ્રીહરિની વાત સાંભળી તેનાથી અપાર આશ્ચર્ય થયેલું અને શ્રીહરિના ચરણોમાં આળોટી પડેલો અને મુમુક્ષુજીવ રાજા હતો

તેથી શ્રીહરિને કહે હવે આપને હું છોડવાનો નથી. આપ ભલે કરોડો ઉપાય કરો હું આપનો દાસ છું. અને દાસભાવે આપને વિનંતી કરં છું આપ જેમ કહો તેમ કરું આપને શરણે આવેલાને આપજી ન દેશો આપે લોકોના ઉધ્ધાર કરવાને અવતાર ધારણ કર્યો છે તેમ મને જણાય છે.

ત્યારે શ્રીહરિએ રાજારણજીતને કહ્યું કે હે રાજા અમો ને ભક્તોને વશ છીએ એટલે કે ભક્તોને પરાધીન છીએ પણ લગારેય તમારે આધીન નથી. અમે યોગી છીએ અને તમો રાજા આપણી બંનેની પ્રકૃતિ કયાંથી મળે ? કયારેય પણ સ્વભાવ – પ્રકૃતિ મળ્યા વગર હૃદયમાં હેતનો પ્રકાશ થતો નથી. અંતરમાં સ્નેહનો પ્રકાશ થાય ત્યારે આપો આપ ખબર પડી જાય. અમને વનવાસ ગમે છે તમને રાજમહેલ રહેવું ગમે. અમો પગપાળા ચાલીએ છીએ તમો હાથી ઉપર. અમારા અને આપનામાં જમીન આસમાનનો ફરક છે તેથી સ્વભાવ મેળ કયાંથી થાય ? અમો આકાશમાં વિહાર કરનારા છીએ તમો જમીન ઉપર ફરનારા છો. અમો બધા ભોગોથી વિરકત છીએ તમો બધા જ ભોગ વૈભવોમાં રસબસ આસક્ત છો. આપણી સંગની કઇ રીતે થાય ? અમારે કાંઇ પ્રકારનું વ્યસન નથી. તમારે બધા જ વ્યસનો હોય છે. અમો સ્ત્રીની આસકિતમાં દોષ બતાવીએ છીએ અને તમોને તે કહીએ તો રોષ ઉપજે છે. શરીર ઘર, બ્રહ્મા આદિસુધીનું સુખ સંપત્તિ એ બધામાં અમો યમપુરીથી વધારે દુઃખ માનીએ છીએ અને તેનાથી પોતાની ખુવારી થાય છે. આવું સમજીએ છીએ. ત્યારે તમો ને બધાને મેળવવા માટે તિર્થયાત્રા કરવા નીકળ્યા છો અને અમને યોગી જાણીને અમારી સેવા કરો છો. અમારે અને તમારે હેતપ્રેમ થાય નહીં. અમારું ધામ તો સત્વ, રજ અને તપ એ ત્રણેય ગુણોથી પર છે અમો તો તે ધામના સુખને ભોગવનારા છીએ. અમોતો ઉઠતા, બેસતા, ચાલતા ખાતા –પીતા અને સૂતા બધી જ અવસ્થામાં ધામમાં છીએ. ધ્યાન કરતા હોઇએ ત્યારે તે ધામમાં છીએ અને આ લોકમાં સહુને દર્શન આપીએ છીએ. અમારો એવો અભ્યાસ છે અમે તે અખંડ પ્રકાશને અહીં બેઠા છીએ તે પ્રકાશને મધ્યે મહામનોહર મૂર્તિ શ્રી કૃષ્ણ ભગવાનને તેવાને તેવા સાક્ષાત દેખીએ છીએ તે મૂર્તિ અમારી આમાંથી એક ક્ષણવાર પણ કયારેય દૂર થતી નથી. તે ભગવાનના સુખે અમે સુખી છીએ. કોઇ કાળે અમે દુઃખી થવાના નથી. ભગવાન સિવાયના જેટલા સુખ છે તે બધા દુઃખ રૂપ છે. જ્યાં દુઃખ છે ત્યાં કયારેય સુખ રહેતું નથી. જે શ્રીકૃષ્ણ ભગવાન છે તે જ પરમ મોક્ષપદ છે. તે મનથી પર કોઇ પદ નથી. બધી જ સંપતિ અને સુખ તેમ કૃષ્ણ છે તે ભગવાન અમારા દ્વારા આવીને બોલે છે તેને તમે કઇ રીતે માનશો ? ખરેખર હું સત્ય વાત કહું છું તમો શ્રીકૃષ્ણ ભગવાનના શરણે જાઓ તેમની પ્રાર્થના કરો કે જેનાથી જન્મ અને મરણરૂપ સંસાર મટી જાય. આ સંસારમાં લેશ માત્ર સુખ નથી. પહેલાં કે છેલે દુઃખને દુઃખ જ છે. જે દુઃખમાં પણ સુખ માને છે તે પશુ જેવો જાણવો આ લોકનું સુખ હંમેશાં થોડા દુઃખથી ભરેલું હોય જ છે. છતાં દુઃખ ભર્યા સુખમાં મનુષ્ય ખૂત્યો જ રહે છે. છાણનો કીડો છાણમાં જ સુખ માને આવી જગતની રીત છે તેની સાથે અમને હેત થાતું નથી.

અને તમો અમારી મરજી અનુસારે વર્તો તો પણ અમે જો તમારી મરજી ન સાચવી શકીએ અને પોતાનું ધાર્યુ ન થાય તો પણ તમારે કયારેય ક્રોધ આવવો જોઇએ નહીં. અમે તો ભગવાનના આધીન છીએ. અમે અમારા તન મન ભગવાનને અર્પણ કરી દીધા છે જો તમોને કહ્યું તે પ્રમાણે વર્તી શકો તો જ તમારી સાથે આવીએ. અને તે પણ ભગવાનની ઈચ્છા હોય ત્યાં સુધી આવીએ. અને ભગવાન કહે એટલે પાછા ફરી જઇએ. તમો (રાજા રણજીતસિંહ) ભગવાનથી મોટા કહેવાઓ નહીં. તમો પણ તેમનું આપેલું ખાઓ છો જેનો હુકમ (આજ્ઞા) કયારેય પાછો ફરે નહીં. ખરેખર તેને જ હુકમ કહેવાય જયારે તેઓ હુકમ કરે છે ત્યારે બ્રહ્મા, ભવ, ઇન્દ્ર વગેરે દેવો દાનવો અને બીજા રાજાઓ પણ તેનો હુકમ માને છે અર્થાત્ તેને પાળે છે. જેમની આગળ બીજો કોઇ મોટો નથી. મોટામાં મોટું સરોવર પણ સાગર થી મોટું ન હોય તેમ ભગવાનથી મોટો કોઇ ન હોય. તેમ હે રાજા તમારે જાણવું.

તે સમયે રણજીતસિંહે હાથ જોડી નમસ્કાર કર્યા. અને કહ્યું કે હું અત્યારથી એક નિયમ લઉં છું કે આપ વર્ણી પોતાની મરજી પ્રમાણે તમે આપ બંધનમાં નથી. તો હવે આપની ઈચ્છા હોય તેમ કરો રાજાનો શુધ્ધ ભાવ જાણી શ્રીહરિએ રણજીતસિંહને કહ્યું. તમો જાવ અમો ધીમે ધીમે આવીએ છીએ એમ શ્રીહરિએ વિચરણ એવા રાજાને વિદાય આપી. રાજાએ હાથી ઉપર બેસાડી લઇ જવા હતા તે સંકલ્પ સિધ્ધ ન થયો. નિરાશા સાથે ચાલતા થયા. હૃદયમાં અસંતોષની જવાળા હતી. બળતરા થવા લાગી, રસ્તામાં મહારાજનાં દર્શનના વિયોગે તત્કાળ રાજાને તાવ આવી ગયો. ખાવા પીવાનું વાહન છોડી દીધા. ડોળીમાં બેઠો જેથી વર્ણીની દષ્ટિ આગળ દેખાય. અને હૃદયમાં શાંતિને સુખ થાય.

વર્ણીને પોતાના રાજયમાં લાવી રાજય આપી દઉં તેવા સંકલ્પ થયા. વર્ણીએ વચન આપ્યું હતું તે સત્ય કરવા હરિદ્વાર પાછા આવીને રાજાને ફરી ત્યાં મળ્યાં. રાજાના એકવાર નીકળી ગયેલા પ્રાણ પાછા આવ્યા તેવું થયું અશ્રુની ધારા આંખોમાં વહી ત્યારે તેનું (રાજાનું) શ્રેય કરવા વર્ણી બોલ્યા અમોને ભૂખ બહુ લાગી છે. જે ભોજન તૈયાર હોય તે તત્કાળ લાવો. સોનાના થાળમાં જમવાનું આવ્યું શ્રીહરિ રાજાનો અતિભાવ જોઇને જમ્યા અને બીજો બધો થાળ પ્રસાદીને રાજાને આપ્યો. વર્ણીએ કહ્યું કે અમે કહ્યું તે પ્રમાણે કરશો તો ફરી કયારેક તમારી પાસે આવીશું. આમ શ્રીહરિ ફરી વાર હરદ્વાર આવ્યા અને પંજાબના રાજા રણજીતસિંહ ઉપર અતિપ્રસન્ન થયા જેથી રાજાને આંતરિક દુઃખથી મુકિત મળેલી અને મહારાજે પ્રાર્થના કરી આપ યોગી છો નિર્બંધ છો. આપનું શરણ મે લીધું છે આપના નામનું રટણ કરું છું. અને આપને આધીન છું. હવે આપ જેમ કહેશો તેમ થશે તેમ બે દિવસ રાજાને શાંતિ થાય તે માટે તેમની સાથે રહેલા.

# ધર્મ અને શિસ્ત

– પોકાર કલ્પના કરસનભાઈ, ઘડાણી હાલે ભાલેજ

શ્રી ૐ

સર્વ વાચક મિત્રોને જયશ્રી સ્વામિનારાયણ. ધર્મ શબ્દ ઘણો વ્યાપક છે. જે તત્ત્વ કે નિયમ પ્રજાને ધારણ કરે તેને ટકાવી રાખે તેનુ પોષણ કરે તે ધર્મ છે. ધર્મ એટલે જીવંત વ્યકિતએ માનવ – મહામાનવ બનવા અપનાવેલા કેટલાક સમાજમાન્ય નીતિનિયમો અને સંતો પ્રેરિત આદર્શો. ધર્મ માનવીના જીવનનું અગત્યનું આજીવન અંગ છે. કામ અને પૂજા ધર્મના બે આદર્શો છે. કમાણી થાય છે. અને પૂજાથી માનવી ધર્મી બને છે. માનવી ધર્મથી ડરે છે. ધર્મનો દેવ-દેવીઓનો – માનવીને ડર લાગે છે. અને એટલે જ મંદિરમાં આમ ન બોલાય, નાહી ધોઈને જ મદિરમાં જવાય. બૂટ ચપલ બહાર જ કઢાય, બીડી ન પીવાય, કથા ચાલતી હોય તો અદબપલાઠી વાળીને એકાગ્ર ચિત્તે બેસાય ધર્મના પુસ્તકને ગમે તેમ ગમે ત્યા, ગમે ત્યારે વાચી ન શકાય, સાભળી ન શકાય એવુ વિચારનારા ભકતોની આજે ખોટ નથી ? આ ઉદાહરણો શુ સૂચવે છે ? શુ ધર્મના ડરથી આપણને શિસ્તબધ્ધ વ્યકિત માનવી બનવા નથી પ્રેરતા ? હા એમ જ.

ધર્મના, ધર્માચાર્યોના ધર્માલયોના, ધર્મપુસ્તકોના અને ધર્મ પ્રચારકોના વિચારો અને ઉપદેશો વ્યકિતને અવશ્યપણે શિસ્તનુ શિક્ષણ આપે છે. શિસ્ત એ જીવનનો અવિભાજય અવયવ બનવો જોઈએ. જેમ ધર્મ એ વ્યકિતના રોજિંદા વ્યવહારનો ઈચ્છનીય આવશ્યક અને સ્વય સ્વીકારેલ પ્રેરક ભાગ છે. અશ છે તેમ શિસ્ત જીવનમાં તાણાવાણાની માફક વણાઈ જવી જોઈએ. મદિરમાં વાતો નહીં કરનાર ઘડી બે ઘડી મૌન રહેનાર નાહી-ધોઈને સ્વચ્છ બની અક્ષત અર્પણ કરનાર બહેન ઘરમાં એક જ વખત સફાઈ કરે. ધણીને ધમકાવે, જીભને આખો દિવસ હલાવ્યા જ કરે અને આંગણે આવેલા દ્વિજને હડધૂત કરે તો ધર્માલયનુ શિસ્ત અને ગૃહજીવનનુ સયમી શિસ્ત કયા ગયુ ? અગત જીવનમાં એમઝોન નદી જેવી લડાયક અને વિધર્મી બની જાય. પ્રસાદ લઈને પાવન થયા પછી, દેવના દર્શન કર્યા પછી ઢોરા અને છોરાને મારા મારનાર ભકતોને શું આપણે જોયા નથી ? નરસિંહ ઓચ્છવ કરનાર પણ ચા-બીડી પીવા ઈન્ટરવલ શું નથી પાડતા ? જન્માષ્ટમીના દિવસે બાર વાગ્યાની રાહ જોઈને બે કાંટા ભેગા થાય છે તરત જ પ્રસાદ કરોની સૂચના શુ આપણે સાંભળતા નથી ? આ બધું કેમ બને છે ? બને છે. કારણ કે આપણે દ્વિધ્રુવી જીવન જીવીએ છીએ.

ધર્મને ધર્મ તરીકે જ જોવાની, આચરવાની અને માણવાની જરૂર છે, તેમ થાય તો જ ધર્મ વડે આવેલી કે અપનાવેલી શિસ્ત જીવનમય બને છે. ધર્મના નામે શિસ્ત નહીં પણ ધર્મ સાથે ધર્મ મિશ્રિત ધર્મના રગે રગાયેલી, ધર્મ વડે શિસ્ત અને ધર્મ માટે નહીં પણ આદર્શ જીવન વ્યવહાર માટે શિસ્ત અપનાવવી. ધાર્મિક શિસ્ત વડે માનવજીવન અને માનવ સમાજ સુખી એમ માનીએ અને ચાલીએ ધર્મ શિસ્ત છે. માનવી તેનાથી સુખી છે. અને

આવા માનવીથી સંસાર સુંદર દેખાય છે.

સર્વ મનુષ્ય સુખ ઈચ્છે છે. જે ધર્મથી મળે છે. માટે સર્વ લોકોએ સદા ધર્મનુ પાલન કરવું જોઈએ. સ્વર્ગમાં જેમ અમૃત રહેલુ છે. ચિંતામણીમા જેમ સર્વ પ્રકારનુ ધન રહેલું છે. તેમ ધર્મમાં નિરતર સુખ રહેલુ છે. બ્રેક વિનાની કિંમતી મોટર ગમે ત્યારે વહેલી મોડી અથડાઈને વિનાશ પામે છે તેમ ધર્મહીન લોકો અતે દુ:ખી જ થાય છે. ધર્મ એ બ્રેકની જેમ અવળે માર્ગે જતા મનુષ્યને અટકાવી સદાચારને માર્ગે લઈ જાય છે.

# વાસ્તવમાં ભગવાનથી કોઈ બીતું નથી...

- ડો. એચ.વી. કેરાઈ (અજાર)

આપણે આપણા વડીલોની મર્યાદા સાથે બીક રાખીએ છીએ. વિદ્યાર્થી શિક્ષકની બીક રાખે છે પતિ-પત્ની અવ્યવહારિક કાર્યોમાં એકબીજાની બીક રાખે છે. ઘરમાં નાનો સાપ કે વીંછી દેખાય તો આપણે ગભરાઈએ છીએ જગલમાં એકલા હોઈએ તો હિંસક પશુઓની બીક સાથ સાથે ચોર - લુટારાની પણ બીક લાગે છે. કામમાં કઈ ભૂલ થાય તો માલિક કે બોસની બીક રાખીએ છીએ વાતવાતમાં આપણે એક બીજાની બીક રાખીએ છીએ ખરા...!



કોઈ દેખી જશે એવી બીક આપણે અમુક કાર્યો કરતા બીએ છીએ. કયાક પકડાઈ જશુ એ બીકે ખોટુ કાર્ય કરતાં અચકાઈએ છીએ. રસ્તામાં કયાંક પેશાબ કરવો હોય કે કયાં ખાલી જગામાં ઝાડો કરવો હોય તો આપણે ચોતરફ નજર ફેરવીએ છીએ. કોઈ નાનું બાળક હોય, ભિક્ષુક હોય કે મૂલી મજુરી હોય તો પણ એની બીકે જાજરૂ કે પેશાબ કરતા જરૂર અચકાશુ. પણ જે અંતર્યામી છે જે સઘળું દેખે છે અને જે સર્વસ્વ છે એવા પ્રગટ પુરુષોતમ ભગવાનની આપણે ખરાબ કાર્ય કરવા જતાં બીક નથી રાખતા. રસ્તામાં ગાડી લગીરે જો ખોટે રસ્તે જાય તો આપણે ટ્રાફીક પોલીસની બીક લાગે છે પણ વાતવાતમા ધર્મનુ ઉલ્લંઘન કરીએ છીએ ત્યારે સર્વ વ્યાપક પ્રભુની લગીરે પણ બીક રાખતા નથી...

જગતમાં ઈશ્વરથી મોટું કોઈ નથી. ઈશ્વર સર્વસ્વય છે એ સઘળું દેખે છે એમ જાણ્યા છતાંય આપણે છાના છૂપા પાપ કરીએ છીએ. માણસોથી આપણે આપણા પાપ છુપાવી શકશુ પણ જે અંતર્યામી છે, જેની મરજી વગર આપણે એક પણ ડગલુ ભરી શકતા નથી એનાથી શુ છુપાવશુ ? શુ ઈશ્વર બારામા આપણુ જ્ઞાન અધુરું છે ? શું વાસ્તવીકતામા આપણે ઈશ્વરીય શકતિને સમજી શકતા નથી ? જગતમા એવી કોઈ જગા નથી જયા ઈશ્વરનો વાસ નથી તેમ છતાંય આપણે ખૂણે ખાચરે ઘણા ખરાબ કામો કરતા અચકાતા નથી આપણે ફકત બીક રાખીએ છીએ મદિરની મૂર્તિમાં રહેલા ભગવાનની કે ઘરમાં પધરાવેલ છબીમાં રહેલા ભગવાનની એ સિવાય આપણે આખો મીંચીને સઘળો અનર્થ કરતા જઈએ છીએ અને પછી જયારે તકલીફમાં મુકાઈએ ત્યારે ભગવાનને સભારીએ. ભગવાનને કાલાવાલા કરીએ અને ઘણી વખત આપણી મુશ્કેલી દૂર ન થાય તો ભગવાનનો દોષ કાઢતા પણ અચકાઈએ નહીં. આ આપણી મોટી ભૂલ છે. આપણી એ નરી મૂર્ખતા છે.

કોઈ ખરાબ કામ કરતી વખતે ભગવાનને એક બાજુ મુકી દઈએ. અને જયારે એ ખરાબ કાર્યનું ફળ ભોગવવાનો વારો આવે ત્યારે ભગવાન આગળ કાલાવાલા કરીએ. એટલે વાસ્તવમાં આપણે ભગવાનની બીક રાખતા નથી એ સત્ય હકીકત છે.

તો સજજનો એકવાર નકકી થયું ભગવાન છે તો પછી બધુ જ શાસ્ત્રોકત સત્ય છે. કરેલુ ભોગવ્યા વિના છૂટકો નથી માટે પ્રયત્ન કરો ભગવાન સદા મારી સાથે છે એટલે તમને અનુભવ થશે કે આમ મારાથી ન થાય. આવું કરવા માટે સંત સમાગમ અને સારા સારા શાસ્ત્રોનુ વાંચન ફાળવો સમય થાવ તૈયાર !!!

# ''સેવા''

પુરાણી સ્વામી સંતસ્વરૂપદાસજી



મિત્રો ! સુખ માત્ર સમજણમાં રહેલું છે. જીવનની અંદર સમજણ હશે તો આ સંસાર સાગર સહેલાઈથી આપણે તરી શકીશું પણ જો આ સંસારમાં આપણા વહેવારિક સંબંધોને નિભાવતા નહીં આવડે તો સંસારમાં દરેક જગ્યાએથી જાકારો મળે તે વાત એક નાનકડા દ્રષ્ટાંતથી જોઈએ કે આપણે સોંપેલી ફરજથી ચૂકીને અહંમને પોષવા કોઈનું બૂરું તો નથી કરતા ને તો ચાલો આપણે આ વાર્તા વાંચીને આપણા જીવનમાં ઉતારીએ.

એક સંતે મહા સમર્થ ભગવાન સાથે વાતો કરે અને ધ્યાની પણ ખરા અને ઘણા માણસો એને ગુરુ તરીકે માને એટલે મનમા થોડું અભિમાન આવ્યું કે હું ધ્યાન સમાધિ કરું છું અને ભગવાન મારા ઉપર ખૂબ પ્રસન્ન છે. આ દેહને અંતે મારું રહેઠાણ ભગવાનની નજીક હશે પણ મારી હરોળમાં રહેનાર કોણ ભાગ્યશાળી હશે તે ભગવાનને પૂછું. આમ મનમાં વિચાર કર્યો અને એક દિવસ ભગવાનને પૂછે છે હે પ્રભુ ! આ દેહના અંતે હું તો તમારી પાસે આવીશ પણ મારી નજીક રહેનાર બીજો કોણ ભાગ્યશાળી છે ? આ પ્રશ્નથી અંતર્યામી ભગવાન જાણી ગયા કે એને એના ભકિત અને જ્ઞાનનું અભિમાન આવ્યું છે, એટલે ઉતારવું રહ્યું.

ભગવાન કહે છે, ભાઈ ! સાંભળ તારી શેરીના ખૂણામાં જે વણકર રહે છે તે તારો પડોશી થાશે. આ સાંભળીને સંત વિચાર કરવા લાગ્યા. કયાં આ વણકર અને કયાં હું આ ભાઈ તો કયારે મંદિરે નથી આવતા, નથી ધ્યાન સમાધિ કરતાં છતાં આ વણકર મારો પાડોશી થશે ! ઠીક ચાલો ભગવાને કહ્યું છે તો જોઉં તો ખરો કે મારા જેટલી સાધના કરે છે કે શું એટલે એક દિવસ સંત વણકરના ઘેર ગયા અને સાદ પાડયો બહાર કોઈ આવ્યાનો સાદ સાંભળીને વણકર બહાર આવ્યો સંતને જોઈને નમસ્કાર કર્યા અને કહ્યું બે મિનિટ રોકાજો હું આવું છું. આમ સાંભળીને સંત વિચારમાં પડી ગયા અને મનને મનાવતા રહ્યા કે કદાચ કોઈ ગુઢ સાધના કરતો હશે. પણ રહેવાયું નહીં એટલે સંત ખુલ્લા બારણાની તિરાડમાંથી જૂએ છે ત્યારે વણકર પોતાના વૃધ્ધ માતા પિતાની સેવા કરે છે. રોટલાને એકદમ ચૂર્ણ કરી દૂધમાં પલાળીને માતા પિતાને જમાડે છે અને જમાડી, પાણી પાઈ, સુવડાવીને બહાર આવ્યા. બહાર આવી મોડા થયા તે બદલ સંતની માફી માંગી. અને આવવાનું કારણ પૂછયું.

ત્યારે સંતે વણકરને વંદન કર્યા અને કહ્યું ભાઈ ! હું તો અભિમાનથી ભાન ભૂલીને ભગવાનને પૂછી બેઠો અને ભગવાને તમારું નામ દીધું એટલે જોવા આવ્યો કે હું આટલું ભજન, ધ્યાન, સમાધિ કરું છું તો ભગવાનના ધામમાં ગયા પછી મારી બાજુમાં રહેનાર કોણ ભાગ્યશાળી હશે પણ ભાઈ ખરેખર તો હું ભાગ્યશાળી કહેવાઈ કે તમારા જેવા સાચા સેવક કે જેમણે ભગવાને કરેલી આજ્ઞા પ્રમાણે માતા પિતાની સેવાને મુખ્ય કરી પોતાને સોંપેલી ફરજ અદા કરે છે. ભાઈ ભગવાનને રાજી કરવાની કળા તે જીવનમાં સાક્ષાત્કાર કરી છે તો તારા મહેલના શિખરો મારી સાધના કરતાં ઊંચા જ હોય અને તું ભગવાનને પ્યારો છે. એમાં કોઈ આશ્ચર્યની વાત નથી.

માટે મિત્રો ! આપણે ભગવાને સોંપેલી ફરજ તથા આપણા પોષ્યવર્ગની સેવા શિક્ષાપત્રીના શ્લોક ૧૩૯માં કરેલી આજ્ઞા ''અને અમારા આશ્રિત જે ગૃહસ્થ તેમણે માતા પિતા અને ગુરુ તથા રોગાતુર એવા જે મનુષ્ય તેમની જે સેવા જે જીવતપર્યંત પોતાના સામર્થ્ય પ્રમાણે કરવી'' આપણે આપણી સેવા કે ભજન-ભકિતનું અભિમાન ન આવે અને સદાય નિર્માનીપણે રહી વડીલોની આજ્ઞામાં રહીને ભગવાનને રાજી કરીને દેહને અંતે ભગવાનના ધામમાં રહેવાય એવી શ્રી નરનારાયણદેવના નિર્ભય ચરણકમળમાં પ્રાર્થના સાથે જય શ્રી સ્વામિનારાયણ.

# આપત્કાળમાં ગ્રહણ કરવાના ધર્મો



- સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી, ભુજ

શ્રીજી મહારાજે પોતાના આશ્રિત ભક્તોને આપત્કાળમાં સુખેથી રહી શકાય તેવા ધર્મો સ્વીકારીને આપત્કાળ ઉલ્લંઘવાની આજ્ઞા કરેલી છે.

શિક્ષાપત્રીમાં કયા કયા ધર્મો આપત્કાળમાં પાળવાના છે તે આપણે જોઈએ.

૧. અને જે સત્ય વચન બોલવે કરીને પોતાનો દ્રોહ થાય તથા પારકો દ્રોહ થાય એવું જે સત્ય વચન તે કયારેય બોલવું નહી. (૨)

૨. અને જે બ્રાહ્મણાદિકને ત્રિપુંડ્ર જે આડું તિલક કરવું. તથા રૂદ્રાક્ષની માળા ધારવી. એ બે વાનાં પોતાની કુળપરંપરાએ કરીને ચાલ્યાં આવ્યાં હોય અને તે બ્રાહ્મણાદિક અમારા આશ્રિત થયા હોય, તો પણ તેમણે ત્રિપુંડ અને રૂદ્રાક્ષનો કયારેય ત્યાગ ન કરવો (ભાષ્ય જો સત્સંગ સાનુકુળ હોય તો વૈષ્ણવ ના ચિહ્નો ધારણ કરી ભગવાનની ઉપાસના કરી શકે છે.(૪૬)

૩. અમારા સત્સંગી તેમણે વૃધ્ધાપણા થકી અથવા કોઈ મોટા આપત્કાળે કરીને અસમર્થ પણું થયે સને પોતે સેવવાનું જે શ્રીકૃષ્ણનું સ્વરૂપ તે બીજા ભક્તને આપીને પોતે પોતાના સામર્થ્ય પ્રમાણે વર્તવું. (૬૧)

૪. અને જેદ્વિજ હોય તેમણે ગર્ભાધાનાદિક સંસ્કાર તથા આહ્નિક તથા શ્રાધ્ધ એ ત્રણ જે તે પોતાના ગૃહ્યસૂત્રને અનુસારે કરીને જેવો જેનો અવસર હોય અને જેવી જેની ધનસંપતિ હોય તે પ્રમાણે કરવાં. (૯૧)

૫. અને એ જે દશમસ્કંધ તેનું પુરશ્ચરણ જે તે પુણ્ય સ્થાનકને વિષે પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું કરાવવું અને વિષ્ણું સહસ્રનામ આદિક જે સચ્છાસ્ત્ર તેનું પુરશ્ચરણ પણ પોતાના સામર્થ્ય પ્રમાણે કરવું કરાવવું (૧૧૮)

૬. અને આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત એ જે ત્રણ વાનાં એટલાને અનુસારે કરીને જાણવાં. (૧૨૦)

**આચાર્યશ્રીના ધર્મ**

૭. અને વ્યવહાર કાર્યને વિષે કેનું પણ જમાનગરૂં ન કરવું અને કોઈ આપત્કાળ આવી પડે તો ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ કરીને તે આપત્કાળને ઉલ્લંઘવો પણ કોઈનું કરજ તો કયારેય ન કરવું. (૧૨૫)

**ગૃહસ્થાશ્રમીના ધર્મ**

૮. અને તે ગૃહસ્થાશ્રમી પુરુષ તેમણે યુવાન અવસ્થાએ યુક્ત એવી જે પોતાની મા-બહેન અને દીકરી તે સંગાથે પણ આપત્કાળ વિના એકાંતસ્થળને વિષે ન રહેવું. (૧૩૬)

૯. અને જે ઠેકાણે પોતે રહેતા હોઈએ એ ઠેકાણે કોઈક કઠણ ભૂંડો કાળ અથવા શત્રુ અથવા રાજા તેના ઉપદ્રવે કરીને સર્વ પ્રકારે પોતાની લાજ જતી હોય કે ધનનો નાશ થતો હોય, કે પોતાના પ્રાણનો નાશ થતો હોય અને તે જો પોતાના મૂળ ગરાસનું તથા વતનનું ગામ હોય, તો પણ તેનો વિવેકી ગૃહસ્થ સત્સંગીએ ત્યાગ કરી દેવો. અને જયાં ઉપદ્રવ ન હોય તેવા દેશ પ્રત્યે જઈને સુખેથી રહેવું. (૧૫૩, ૫૪)

**વિધવા બહેનોએ**

૧૦. યુવાવસ્થાને વિષે રહેલી વિધવા સ્ત્રીઓએ યુવા અવસ્થાવાળા જે પોતાના સંબંધી પુરુષ તેમની સંગાથે પણ એકાંત સ્થળને વિષે આપત્કાળ પડયા વિના ન રહેવું. (૧૭૧)

**નૈષ્ઠિક બ્રહ્મચારી માટે**

૧૧. અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી તેમણે પોતાના બ્રહ્મચર્ય વ્રતનો ત્યાગ થાય એવું જે વચન તે તો પોતાના ગુરુનું પણ ન માનવું. (૧૮૦)

૧૨. અને બળાત્કારે કરીને પોતાને અતિશય સમીપે આવતી એવી જે સ્ત્રી તેને બોલીને અથવા તિરસ્કાર કરીને તુરત વાળવી. પણ સમીપે આવવા દેવી નહીં. (૧૮૧)

૧૩. અને જો કયારેક સ્ત્રીઓનો અથવા પોતાનો પ્રાણ નાશ થાય એવો આપત્કાળ આવી પડે ત્યારે તો તે સ્ત્રીઓ આડીને

અથવા બોલીને પણ તે સ્ત્રીઓની અને પોતાની પણ રક્ષા કરવી. (૧૮૨)

**સાધુઓના ધર્મો**

૧૪. અને તે સાધુ તેમણે આપત્કાળ પડયા વિના રાત્રિને વિષે સંઘસોબત વિનાનું ચાલવું નહિ. તથા આપત્કાળ વિના ક્યારેય પણ એકલા ચાલવું નહીં. (૧૯૧)

૧૫. અને રોગાદિક આપત્કાળ પડયા વિના દિવસે સૂવું નહીં. (૧૯૯)

૧૬. અને તે નૈષ્ઠિક બ્રહ્મચારી અને સાધુ તેમણે રોગાદિ આપત્કાળ પડયા વિના ખાટલા ઉપર સૂવું નહીં. (૨૦૦)

આ પ્રમાણે શિક્ષાપત્રીમાં શ્રી સ્વામિનારાયણ ભગવાને આપત્કાળના ધર્મો લખેલા છે.

# drldp krls cqLs gpbp kde k^uVLR

ગામ ગોખરવાળામાં વિપ્ર રણછોડભાઈ મન, કર્મ, વચને ભગવાનની મરજીમાં રહેતા. ઘણા ભક્તોમાં મન, કર્મ વચન એ ત્રણમાંથી એકાદ હોય, ઘણા વચને ભક્ત હોય, અમે તો તમારા છીએ. જેમ કહેશો તેમ કરશું પરંતુ એક પણ આજ્ઞા પાળે નહિ. તે કેવળ વાણીના ભક્ત કહેવાય. ઘણા કર્મથી ભક્ત હોય. કામ-સેવા જેવું હોય તો બોલાવજો. ધામધૂમથી સેવા કરી છે. પછી દેવદર્શન પૂજાપાઠ કાંઈ નહિ. બોલાવો તો આવે. કેટલાક મનથી ભક્ત હોય. હૈયામાં અખંડ પરમાત્માનું સ્મરણ કરતા હોય. આપણને કેવા ભક્ત થવું છે તે નક્કી કરી રાખવું.

એક વખત તે પોતાના વેવાઈને ઘેર ગયા. રાત્રે વાળુ કરીને સૂતા. સવારે નાહી આવીને ઓશરીમાં આસન પાથરીને પૂજાના ઠાકોરજી પધરાવ્યા. પછી આંખ બંધ કરી ધ્યાનપૂર્વક માનસી પૂજા કરે છે. ધ્યાન યોગ શીખવા જેવો છે. એક આસને ટટ્ટાર બેસીને આંખ સ્થિર કરીને પછી દેહને સ્થિર કરવું દેહ અને આંખ સ્થિર થાય પછી મનને સ્થિર કરવું તેને ધ્યાન કહેવાય. સર્વાંગનું ચિંતન કરવું તેને ધારણા કહેવાય...

રણછોડભાઈ આંખ બંધ કરી માનસી પૂજા કરે છે. તે વખતે તેના વેવાઈએ ભગવાનની મશ્કરી કરીને પૂજાની મૂર્તિ લઈ લીધી અને પૂજાને બદલે (ખાસડું) એટલે ચંપલ રાખી દીધી. માણસ કેવો ઉધ્ધત વિવેકહીન છે ? વિનાશકાળ નજીક આવ્યો હોય તેની આસુરી બુધ્ધિ થઈ જાય છે. તેને સાર અસારનો વિવેક રહેતો નથી. તેથી તે ન કરવાનું કાર્ય કરી બેસે છે. રણછોડ ભગતે માનસી પૂજા કરી પછી આંખ ખોલી જોયું તો પૂજાની મૂર્તિને બદલે ચંપલ. આઘાત લાગ્યો. મારા પ્રાણ પ્યારા ભગવાન કોણ લઈ ગયું ? આડું અવળું જોયું તો વેવાઈ ખડખડાટ હસતો હતો.

લી. યોગીતાબાઈ પી. ખેતાણી

પાપ કરીને હસે તે દુર્જન. પાપ કરીને પસ્તાય તે સજ્જન.

ખરાબ કાર્ય કરીને હસે છે. જેણે મારા ભગવાનની મશ્કરી કરી હસે તે અત્યારે જ આંધળો થઈ જશે. સત્ય હૃદયમાંથી નીકળેલ બોલ સત્ય જ થાય છે. તેજ વખતે વેવાઈ બેય આંખે આંધળો થઈ ગયો. સજા ફટકારી દીધી. હવે વેવાઈના પસ્તાવાનો કોઈ પાર નથી. અરેરે ! જેના ચરણમાં મસ્તક નમાવાય, પૂજાપાઠ કરાય તેનું મેં અપમાન કર્યુ. આખી જિંદગી પસ્તાવો થયો પણ પછી શું થાય ? ભગવાનનો જેને મહિમા નથી, તેનાથી જ આવું ખોટું કામ થાય. માટે મહિમા સહિત ભક્તિ કરવી.

માહાત્મ્ય વિનાની ભક્તિ વીજળી જેવી છે. વીજળી થાય ત્યારે જલદી પ્રકાશ થાય અને અંધારું પણ તરત થઈ જાય. તેમ મહિમા વગરની ભક્તિમાં તરત અજ્ઞાન અંધારું થઈ જાય.

ભગવાનને આપણે હાથનું કાંડુ સોપીએ તો જીવન ધન્ય બની જાય. જીવન લેખે લાગે. ભગવાન આપણો હાથ ક્યારે પકડે ? આપણું અંતઃકરણ સત્ત્વગુણથી ભરપૂર હોય, આત્મા પરમાત્મારૂપી જ્ઞાનનો પ્રકાશ હોય ત્યારે પ્રભુ આપણો હાથ પકડે. જગત સંબંધી વાસના હૃદયમાં રમતી હોય તો ભગવાન હાથ પકડે નહિ.

હે ભક્તજનો શ્રીજી મહારાજે વચનામૃતમાં કહે છે કે, શ્રધ્ધાએ સહિત ભકિત અમને બહુ જ ગમે છે. માટે શ્રધ્ધાએ સહિત અને ઈર્ષ્યાએ રહિત ભક્તિ કરવી. તો ભગવાન આપણા ઉપર બહુ રાજી થશે. આ સિધ્ધાંત ગ.મ.પ્ર. પરના વચનામૃતમાં આવે છે.

## સત્સંગીઓની આબાદીના મૂળિયા ''સંગઠન'' માં છે.

- રમણ ગજજર, ભુજ

માણસ એ એક સામાજિક પ્રાણી છે. તે કયારેય એકલો અટૂલો રહી શકતો નથી. તે હંમેશાં પરિવાર, જ્ઞાતિ, સમાજ અને રાષ્ટ્રના માધ્યમથી સમૂહમાં રહેવા ટેવાયેલો છે. તેને એકલો રાખવો તે પણ તેને સજા કરવા બરાબર છે.

સમૂહમાં રહેવાનો પ્રથમ પાઠ તેને બાળપણથી જ માતા-પિતા શીખવે છે. ત્યારબાદ પતિ-પત્ની એક મન, એક વિચાર અને એક સંકલ્પની ભવનાથી જોડાય છે. તેમનું જ દાંપત્ય જીવન શોભે છે. તે પછી સત્સંગમાં આવીને સંગઠનને વધુ મજબૂત બનાવે છે.

ઋગ્વેદ : ૧૦/૧૦૧/૧માં જણાવ્યું છે કે ''જે સમાજમાં વધુમાં વધુ લોકો એક મન, વિચાર અને સંકલ્પ વાળા હોય છે તે સમાજ ઉન્નતિશીલ હોય છે. ત્યાં લોકો તેજસ્વી હોય છે.'' આનું જીવતું જાગતું સચોટ દૃષ્ટાંત એટલે શ્રી સ્વામિનારાયણીય સત્સંગ.

જયાં મહંત સ્વામીની સૂચનાનો પડયો બોલ હરિભકતો ઝીલી લેતા હોય છે. સૈન્યની શિસ્ત જેવું આ સંગઠન સમાજમાં અન્યત્ર ભાગયે જ જોવા મળે છે. કારણ કે કળિયુગમાં સંઘ શકિત જ બળવાન હોય છે. સ્વામિનારાયણ સંપ્રદાયની ઉજળામણ, સુખ, સમૃદ્ધિ અને શાંતિ તથા પ્રગતિના મૂળમાં આ સંગઠનની ભાવના જ કારણભૂત છે.

યાદ રાખો કે એકલો માણસ શેકેલો પાપડ પણ ભાંગી શકે નહી. પણ સમૂહમાં એકત્ર થયેલા સત્સંગ સેનાનીઓ (સભ્યો) ધારે તે કરવા શ્રીજી કૃપાથી શક્તિમાન થાય છે. ઉત્સવ સમૈયાઓના આયોજન અને અમલીકરણમાં શ્રીહરિની આયોજક, પ્રયોજક, સંરક્ષક અને સંવર્ધનની દીર્ઘદ્રષ્ટિ જ કામ કરે છે. જયાં સંગઠનના મૂળમાં ભક્તોનો સ્વાર્થ નહિ પણ પરમાર્થ કામ કરે છે.

જયાં અંગત સ્વાર્થનો વિચાર હતો તેવા પૌરાણિક પાત્રો જેવા કે રાવણ, દુર્યોધન અને ભસ્માસૂર પોતે પણ નાશ પામ્યા અને તેમની સાથે રહેનારાઓ પણ નાશ પામ્યા. માટે સાવધાન. સંગઠનના ભોગે કોઈ જ બાબતને માનવી નહિ જ. માટે નિઃસ્વાર્થ બનીએ.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભકિત, જપ, તપ, વ્રત ગમે તેટલાં કરો પણ સંઘ શકિત - સંપ - સંગઠન - એકતા નહિ હોય તો, પરિણામ શૂન્ય જ મળશે. માત્ર ધર્મમાં જ નહિ પરિવાર, ધંધો, કારખાના, અને રાષ્ટ્રમાં પણ સંગઠન શકિત નહિ હોય તો પ્રગતિ નહિ થાય.

પરમ કૃપાળુ પરમાત્મા શ્રીહરિને પ્રાર્થના કરુ કે, અમારા ઉપર એવી દિવ્ય, દષ્ટિ વરસાવો કે, અમે કયારેય સંગઠન વિરૂધ્ધ અમારા તન, મન, ધન અને ધગશ ને ન વાપરીએ.

## સાચા સંત તીર્થરૂપ છે

- કાંતાબેન વી. દવે

સત્સંગિ જીવનના બીજા પ્રકરણમાં તીર્થના મહિમાની વાતો આવી, તે ઉપર કહ્યું કે તીર્થ કરવાથી પાપની શુધ્ધિ થાય છે, પણ તીર્થમાં પાપ થાય તો તે પાપ નિવારણનો ઉપાય નથી.

જેમ તીર્થમાં જવાથી પાપ નાશ થઈ જાય છે, તેમ ભગવાનના સાચા સંતના ચરણમાં અડસઠ તીર્થો રહેલા છે. માટે સાચા સંતની સેવા કરવાથી તીર્થ કરવાથી જે ફળ મળે છે. તે ફળ પ્રાપ્ત થાય છે.

તીર્થમાં પાપ કરવાથી વજલેપ પાપ લાગે છે. સાચા સંતમાં કોઈ જાતનો દોષ ન હોય ત્યાં પોતાની દુર્બુધ્ધિથી દોષ પરખવામાં આવે તો તે દોષ પરખનારામાં આવે છે.

તીર્થ કરવાથી શરીર વડે જે પાપ કર્યા હોય તેની શુધ્ધિ થાય છે. એટલે કે ગંગા, યમુના, સરસ્વતી, સાબરમતી, ઘેલાનદી, સરયુનદી, નર્મદા ગોદાવરી એમાં સ્નાન કરવાથી શુધ્ધિ થાય છે.

આ શુધ્ધિ થયા પછી પોતાના મનને શુધ્ધ કરવા માટે સાચા સંત પાસે નિયમ લીધેલ હોય છે જે આ દેહ વડે વ્યભિચાર, ચોરી, અભ્યક્ષ આહાર, વટલવુ, વટલાવુ, દારૂ, માંસ આદિ ખાવું પીવું નહી છતાં જાણે અજાણે આજ્ઞા લોપ કરી હોય તો સાચા સંત પાસેથી પ્રાયશ્ચિત લેવું. પ્રાયશ્ચિ કરવાથી પાપ બળી જાય છે.


વળી સાચા સંત-પુરુષનો સમાગમ કરવાથી અનંત પ્રકારની સંશય ગ્રંથીઓ નાશ પામી જાય છે. સાચા સંતનો સમાગમ કરે તો જ મન નિર્મળ થાય અને શ્રીહરિમાં અતિશય પ્રીતિ થાય છે.

ક્રમશઃ

# આયુર્વેદિક સરળ ઉપચાર

## Þedpr_ep (PNEUMONIA)

- મહેન્દ્ર બી. દવે, માંડવી



આ ભવ આયુર્વેદના મતે ત્રિદોષજન્ય છે. જેમાં દરદીને સારા પ્રકારની સારવાર મળવી જોઇએ.

લક્ષણો : છાતી કફથી ભરાઇ દુઃખાવા સાથે તાવ આવે. જે ગમે તેટલી દવા કરવા છતાં ૧૪ કે ૨૧ દિવસ ચાલે. સખત તાવ, દરદીને ભાન ન હોવું, રાતે ઊંઘ ન આવવી, વેદના સહિત સખત ખાંસી, કફ છૂટો ન પડવો, તાવમાં સહેજ વધઘટ થાય. પણ ઉતરે તો નહીં જ. આ બધા લક્ષણો પ્રથમ સાત દિવસ પછી પણ ખૂબ જ વધે છે. બીજા સાત દિવસ ભયંકર ગણી શકાય. દરદી સતત બેભાન રહે.

ઘણી વખત ૭ થી ૧૪ દિવસના ગાળામાં તાવ ઉતરી જાય. પણ જો ન ઉતરે તો ૨૧ મે દિવસે ઉતરે છે. અમુક કીસ્સામાં ૨૮ દિવસ કે તેથી વધુ પણ લંબાય. અશકિતને કારણે ખાવાનું ભાવતું નથી. ગળાના કાકડા ફૂલી આવે છે. સારા વૈદ-ડોકટરને બતાવ્યા વિના ગમે તે ઉપચાર ન કરવા.

**ઉપચાર :** (૧) પથારી બહુ પહોળી ન રાખવી. (૨) બારી-બારણા ખુલ્લા રાખી હવાની અવર-જવર થવા દેવી. (૩) આનંદી વાતાવરણ રાખવું. (૪) સહેલાઇથી બદલી શકાય તેવા હળવા વસ્ત્રો રાખવા. (૫) ત્રણભાગ દૂધ અને એક ભાગ પાણી તેમાં ફૂદીનો, તુલસી, એલચી, સાકર નાખી ઉકાળીને રૂચિ પ્રમાણે આપવું. (૬) સ્નાન કરાવવાને બદલે સ્પંજબાથળી શરીર લૂછવું.

**દવાઓ :** (૧) શઠયાદિ કવાથ (૨) અભયાદિ કવાથ (૩) ભારંગ્યાદિ કવાથ. ત્રણમાંથી સવાર -બપોર- સાંજ ૧-૧-૧ ચમચી ગરમ પાણી સાથે (૨) દેશી વૈદકમાં ઊંઘ લાવનારી દવા ખાસ ન હોવાથી સારા ચિકીત્સકની સલાહ અનુસાર ટ્રન્કિવલાઇઝર આપી શકાય. (૩) તાવ ગમે તેટલો હોય તો પણ પરસેવો થાય તેવી દવા ન આપવી જાડું કપડું નવસેકા પાણીમાં બોળી સ્પંજ કરાવવું. (૪) ઝાડો સાફ ન આવતો હોય તો જુલાબ આપવા કરતાં બસ્તી (એનીમા) આપવી યોગ્ય છે. બસ્તીના પાણીમાં થોડા ટર્પેન્ટાઇનના ટીપા નાખવાથી ફૂલેલા પેટને રાહત મળે છે. (૫) ગળાનો કફ છૂટો પડે તે માટે છાતી પરુ યુકેલિપ્ટસ (નિલગીરી)નું તેલ મસળવું. આ તેલના ૧-૨ ટીપાં ચમચી મધ સાથે પાણી નાખી પીવાં. (૬) ઇજેકસનો કે દવાઓ કરતાં આરામ અને યોગ્ય સારવાર આયુર્વેદના મતે મુખ્ય છે. અને ઓરડાનું વાતાવરણ શુધ્ધ રહે તે માટે હંમેશાં શુધ્ધ ધૂપ કરવો.

આ તાવમાં આરામની ખૂબ જરૂર છે. એટલે ઊંઘ માટે દવા આપવી જ પડે. આકૃશે હોય તો વા છૂટની દવા, અને વાત-પિત-કફની વધઘટ મુજબ દવા યોજલી શકાય. આ તાવમાં કુશળ વૈદની સલાહ લઇને જ દવા કરવી.

(હવે પછી - એલર્જી)


## હું કોણ છું ?

આજ લગી હુ પોતે એ ન જાણી શકયો કે હું કોણ છું ?
મથતો રહ્યો જાતને જાણવા પૂછતો રહ્યો કે હું કોણ છું ?
સવારે ઉઠયો, રાત્રે સૂતો, ને જિંદગી આવડી વહી ગઈ,
શેના માટે જીવ્યો, એ જ ન જાણી શકયો કે હું કોણ છું ?
પસાર થઈ થયા સેંકડો હજારો દિવસો મુજ જીવનમાં,
જિંદગી ન સમજાણી ને ન સમજાણું એ જ કે હું કોણ છું ?
હું નામથી ઓળખાયો ને કામથી જગતમાં છું જણાયો,
પણ હુ મને જ ન ઓળખી શકયો કે હું કોણ છું ?
હું પ્રેમાળ છું ? કે દયાળુ છું કે જગમા સૌથી સમજુ છું ?
વિશેષણો શોધ્યા પણ ના પામી શકયો કે હુ કોણ છું ?
હું જોઉં છું દુનિયાને આખોથી, પણ મને જ જોતો નથી,
આયનાની મદદથી પણ ન જાણી શકયો કે હુ કોણ છું ?
હું શરીર છું કે પછી આત્મા છું ? પૂછું તને હે પરમાત્મા,
તું જ ઓળખ દે મને મારી કે હું અહીં કોણ છું ?

- રામ કરશનદાસ ઠકકર

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.



## ભુજ ખાતે પંચાહ્ન કથા પારાયણ

અ.નિ. ભકતરાજ કુંવરજીભાઈ નારાણ ભુડીયા તથા અ.નિ. સુપુત્ર રમેશભાઈ કુંવરજી ભુડીયાની પુણ્યસમૃતિમાં ભુજશ્રી સ્વામિનારાયણ મંદિરે પંચાહ્ન કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું.

કથાના યજમાન પદે ગામ સુખપર (રોહા) નિવાસી (હાલે ભુજ)ના ગં.સ્વ. જયશ્રીબેન રમેશ ભુડીયા તથા સુપુત્રી પ્રેમીલાબેન, કાન્તાબેન, હીરાબેન, સુમિતાબેન, મંજુલાબેન તથા મોટાભાઈ વિશ્રામભાઈ નારાણ ભુડીયા તથા બેન કાનબાઈ આદિ કુંટુંબ પરિવારે શ્રીહરિની કૃપા, સંતોના આશીર્વાદ મેળવ્યા.

શા.સ્વા. પરમહંસદાસજી તથા શા.સ્વા. કૃષ્ણસ્વરૂપદાસજીએ કથાના દિવસોમાં તા.૧૧-૫-૧૨ વૈશાખ કૃષ્ણ ૬ શુક્રવાર થી તા. ૧૫-૫-૧૨ વૈશાખ કૃષ્ણ ૧૦ મંગળ સુધી સ.ગુ.સ્વા. નિષ્કૃળાનંદમુનિ એ રચેલા ભકત ચિંતામણી કથા શાસ્ત્રનું શ્રવણ કરાવ્યું. આ ગ્રંથ કાવ્યમય અને સમજવામાં ચિંતનની અપેક્ષા રહે છે. પરંતુ કથાના વકતા વિદ્વાન શાસ્ત્રીજીઓએ વ્યાસપીઠે બિરાજી સરળ રીતે સમજાઈ જાય તેવી સહેલી ભાષામાં, દ્રષ્ટાંતો, કહેવતો, કીર્તન પંકિતઓ તેમજ સમાજમાં ઘટતી ઘટનાઓ સાથે મેળ જોડીને શ્રોતાઓને કથાબોધ સુગ્રાહય બનાવ્યો. શ્રોતાઓને કથાનો રસમય આનંદ કરાવી રાજી કર્યા.

કથાના દરરોજના કાર્યક્રમના સંચાલનનો દોર સભાપતિ સ્વા. ઉતમચરણ દાસજીએ સંભાળ્યો.

કથા પ્રારંભના પ્રથમ દિવસે તા. ૧૧-૫-૧૨ના સવારે ૮ વાગતાં વાજિંત્રોની સૂરધ્વનિ સાથે નરનારાયણ દેવ સાન્નિધ્યથી પોથીયાત્રા શરૂ થઈ. યજમાન પરિવારે ધારણ કરેલ કથા શાસ્ત્રની પોથીઓને કથામંડપમાં પધરાવ્યા પછી મંદિરના ગોર મહારાજે યજમાન પરિવાર દ્વારા પૂજન આરતી કરાવ્યા પછી પોથીપૂજન અને કથાના વકત શાસ્ત્રીઓનું પૂજન કરાવ્યું.

સંગીતમય ધુન અને ભકિતકીર્તન પછી શ્રીહરિની મંગલ સ્તુતિ સાથે કથાનો પ્રારંભ થયો. કથામંડપમાં રમણીય સિંહાસને બિરાજમાન ઠાકોરજીની એક તરફ પ.પૂ. મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદન દાસજી, બીજી તરફ સંત મંડળ અને કથામંચની પ્રત્યક્ષ શ્રોતા હરિભકતોથી ભરચક સભામંડપનું હૃદય મનોહર બની રહ્યું.

તા. ૧૪-૫-૧૨ સોમવારની સવારે લાલટેકરીથી પ્રારંભ પામેલા ઠાકોરજીની શોભાયાત્રાએ ભુજ નગરીના માર્ગોને શોભા આપી. હંસની શોભાને ધારણ કરતા ભવ્ય સજાવટ પામેલા મનોહર યંત્રયાનમાં ઠાકોરજીની સાથે પ.પૂ. આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાજી મહારાજ તથા પ.પૂ. મહંત સ્વામી, સ.ગુ. સ્વા. પ્રેમપ્રકાશદાસજી,પ.પૂ. કોઠારી પાર્ષદ જાદવજી ભગત સ.ગુ. સ્વા. સનાતનદાસજી આદિ વડીલ સંતો તેમજ ઠાકોરજીની સેવામાં છત્ર, ચામર, છડી સાથે યજમાન પરિવારના

ભાઈઓ ઉપસ્થિત હતા. ૨૪ ગામની કીર્તન મંડળીઓએ વાજિંત્રો સાથે કીર્તનોની રમઝટ મચાવી. સ્થળે સ્થળે વધાવો પામી સન્માનિત થયેલી શોભાયાત્રા ૧૦ વાગતાં મંદિરે પહોંચી આવતાં પરિસરમાં ઉત્કંઠિત હરિભકતોએ હર્ષોલ્લાસ પ્રગટ કરતો જયનાદ ગજાવ્યો.

અન્ડશ્રી ન.ના. દેવ સાહિત્ય કેન્દ્ર ઉદ્‌ઘાટન : શોભાયાત્રાની સમાપ્તિ પછી પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મહંત સ્વામી તથા વડીલસંતોએ નવા તૈયાર થયેલા શ્રી નરનારાયણ દેવ સાહિત્ય કેન્દ્રના પ્રાંગણને પોતાના ચરણકમળોથી મંગલમય બનાવ્યું, અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પ.પૂ. મહંત સ્વામીએ સાહિત્ય કેન્દ્રનું પોતાના મંગલકારી શુભ હસ્તે ઉદ્‌ઘાટન કર્યુ.

આ કેન્દ્રમાંથી સત્સંગી ભકતવર્ગને પૂજાભકિતનાં ઉપકરણો ઉપરાંત મૂર્તિઓ, સત્સંગ સાહિત્ય, સુશોભન વગેરે ઉપયોગી ૩૪૦ જેટલી ચીજવસ્તુઓ ઉપલબ્ધ થશે.

આચાર્ય મહારાજશ્રીએ સભામંડપમાં પધારી મંચ ઉપરના સિંહાસને બિરાજી દર્શન આપતાં હરિભકતોએ ઊભા થઈ જયનાદથી સન્માન કર્યુ. મંચ ઉપર પ.પૂ. આચાર્ય મહારાશ્રીની સાથે પ.પૂ. મહંત સ્વામી બિરાજમાન થયા અને આચાર્ય મહારાજશ્રીનું પુષ્પમાળા પહેરાવી સન્માન કર્યુ. ઉપરાંત વડીલ સંતો, ટ્રસ્ટીશ્રીઓ વગેરે કાર્યકર્તાઓ, સમાજના અગ્રણી મહાનુભાવોએ પણ પુષ્પહારથી સન્માન કર્યુ.

કથા આયોજન સાથેના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તા.૧૨-૫-૧૨ની રાત્રિએ ૮:૩૦ વાગે પ્રસાદી મંદિર ભુજના વિદ્યાર્થી સંત મંડળે કીર્તનસંધ્યાનો કાર્યક્રમ રજુ કર્યો. સંગીત સાથે કીર્તનોની રજુઆત આકર્ષક બની રહી.

તા.૧૩-૫-૧૨ની રાત્રિએ ધવલભાઈ સોનીએ લોકસાહિત્ય સાથે સત્સંગ જ્ઞાનથી પ્રચુર હાસ્ય દરબારનો કાર્યક્રમ રજુ કર્યો. કાર્યક્રમ હરિભકતોને આનંદની લહેરમાં ડોલાવી ગયો.

તા.૧૪-૫-૧૨ની રાત્રીએ ઓરકેસ્ટ્રા સાથેનો સમુહ રાસોત્સવનો તરવરાટ ભર્યા હરિભકતોએ ખુબ જ આહલાદક બનાવ્યો. દાંડીયારાસ, તાલીરાસ સાથે સંગીતનો સથવારો થતાં પ્રેક્ષકોના અંતરમાં પણ રાસનું રસઝરણું વહી ગયું.



સંગીતકાર સંતો સ્વા. અક્ષરમુકત દાસજી, સ્વા. શ્રીજીનંદનદાસજીની ગાયકીને સ્વા. નીલકંઠસ્વરૂપદાસજી તથા સ્વા. શ્રીજી સ્વરૂપદાસજીના તબલાવાદન તાલનો સથવારે મળતાં સંગીતમય કથા તથા સાંસ્કૃતિક કથા તથા સાંસ્કૃતિક કાર્યક્રમોની જમાવટ છટાદાર બની.

પ.પૂ. આચાર્ય મહારાજરી તથા પ.પૂ. મહંત સ્વામીને હસ્તે યજમાન પરિવારનું મંદિર તરફથી ફૂલહાર અને પહેરામણી ભેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું, તેમજ કથાનું માહાત્મ્ય દર્શાવતા ધર્મપ્રેરક ઉદ્‌બોધન સાથે સૌને સત્સંગમાં નરનારાયણ દેવની ભકિતમાં દઢ રહેવાના મંગલકારી આશીર્વાદ આપવામાં આવ્યા.

યજમાન પરિવાર તરફથી સંબંધીજનોને પહેરામણી ભેટ આપવામાં આવી.

મંદિરના શાસ્ત્રી મહારાજે યજમાનો દ્વારા કથા સભાપતિનું પુજન તથા આરતી કરાવી ત્યાર પછી પ્રસાદ વિતરણ સાથે કથાપારાયણ કાર્યક્રમ સમાપ્ત થયો.

## પંચાહ્ન કથા પારાયણ

તા. ૪-૫-૧૨, વૈશાખ શુકલ ૧૩ શુક્રવાર થી પાંચ દિવસની કથાનું આયોજન રવામાં આવ્યું.

કથાના યજમાન પદે અંગીયા નાના નિવાસી મનજીભાઈ શિવજી વાઘાણી, અ.નિ.ધા.પ. દેવકીબેન મનજી વાઘાણી, અ.નિ. અમૃતલાલભાઈ મનજી વાઘાણીની પુણ્ય સ્મૃતિમાં હસ્તે રતનશીભાઈ મનજી વાઘાણી પરિવાર રહ્યા હતા.

સ.ગુ. સ્વા. નિત્યાનંદમુનિએ રચેલ સત્સંગી જીવન શાસ્ત્રની

કથાના વકતા પદે, શા.સ્વા. દેવવિહારીદાસજી તથા શા.સ્વા. ઉતમચરણ દાસજીએ વ્યાસ ગાદીને શોભાવી શ્રોતા હરિભકતોને કથાના કલ્યાણકારી અમૃત રસનું પાન કરાવ્યું. દ્રષ્ટાંતો, કીર્તનો તથા વ્યવહારિક ઉદાહરણો ટાંકી શ્રીજી મહારાજનાં અદ્‌ભુત લીલા ચરિત્રોને ઉદ્‌બોધી શ્રોતાઓને ખુશ કરી દીધા.



તા.૮-૫-૧૨, વૈશાખ વદ ૩ મંગળવારે કથા સમાપ્તિ પ્રસંગે પ.પૂ. મહંત સ્વામીએ ઉદ્‌બોધન કહી કથા વિષયની સમજ આપી અને યજમાન પરિવારને ફૂલમાળા તથા પહેરામણી ભેટ દ્વારા સન્માનિત કરી રૂડા આશીર્વાદ આપ્યા. યજમાન પરિવારે સંબંધીજનોને પહેરામણી ભેટ આપી

સમાપ્તિ પૂજન આરતી અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયો.

## પંચાહ્ન કથા પારાયણ

ભુજ મંદિરે તા.૨૧-૫-૧૨ જેઠ સુદ-૧ સોમવારથી તા.૨૫-૫-૧૨ જેઠ સુદ-૪ શુક્રવાર સુધી પાંચ દિવસની કથાનું આયોજન કરવામાં આવ્યું. કથાનું યજમાન પદ ગામ દહીંસરાનાં અમરબાઈ કરસન ધનજી ગાંગજી આણીએ શોભાવ્યું હતું. કથાનું આયોજન બાઈ ભાઈનાં બન્ને મંદિરમાં કરવામાં આવ્યું હતું.

કથાના વક્તા શા.સ્વા. શ્રીરંગદાસજીએ સ.ગુ.સ્વામી શતાનંદ મુનિએ રચેલ સત્સંગીજીવન શાસ્ત્રની કથાનું યોગ્ય છણાવટ સાથે શ્રોતા સમુદાયને સરળ શૈલીમાં રસપાન કરાવ્યું.

કથા સમાપ્તિના દિવસે પ.પૂ. મહંત સ્વામી દ્વારા ઉદ્‌બોધન સાથે યજમાન પરિવારને આશીર્વાદ અને પહેરામણી ભેટ પ્રદાન તેમજ યજમાન પરિવાર દ્વારા સંબંધીજનોને પહેરામણી ભેટ કરવામાં આવેલ.

મંદિરના શાસ્ત્રી મહારાજે મહેશભાઈએ યજમાન પરિવાર પાસે કથા સમાપ્તિનું પૂજન, અને આરતી કરાવ્યા પછી કીર્તન ધૂન અને પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સમાપ્ત થયેલ હતો.



તા. ૧૬-૫-૧૨, વૈશાખ વદ ૧૧ બુધવારથી તા. ૨૦-૫-૧૨, વૈશાખ વદ ૩૦ રવિવાર સુધી વ્યાસ ભગવાને રચેલ શ્રીમદ ભાગવતની કથાનું પાંચ દિવસનું કથા પારાયણ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજમાં યોજવામાં આવ્યું. બાઈ ભાઈનાં મંદિરોમાં એક એક સહિતા પાઠ સહિત કથા કરવામાં આવી.

કથાનું યજમાન પદ ગામ માનકુવા ભકિતનગર નિવાસી

## પંચાહ્ન કથા પારાયણ

અ.નિ. મનજી કરશન શીયાણીની પુણ્યસ્મૃતિમાં હ. મનજી શિવજી પિંડોરીયાએ શ્રીજી મહારાજને રાજી કરી સંતોના આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

કથાના વક્તા સ્વા. દેવવિહારીદાસજીએ વ્યાસપીઠે બિરાજી કથાનું રસમય શ્રવણ કરાવ્યું. કપિલ અવતાર, ધ્રુવજીની કથા તેમજ કથામાં રહેલી ખૂબીમય ઘટનાઓને સરળ શૈલીમાં સમજાવી શ્રોતાઓને આનંદ કરાવ્યો.

તા. ૨૦-૫-૧૨ના સમાપ્તિનું પૂજન મંદિરના શાસ્ત્રી મહારાજે કરાવ્યા પછી મ.પૂ. મહંત સ્વામીએ યજમાન પરિવારનું ફૂલહાર પહેરામણી ભેટથી સન્માન કર્યુ. યજમાન પરિવારે સંબંધીજનોને પહેરામણી ભેટ આપી. કોઠારી સ્વા. પુરુષોતમસ્વરૂપદાસજીએ યજમાન પરિવારનો પરિચય કરાવ્યો. આરતી, કીર્તન, ધૂન, પ્રસાદ વિતરણ સાથે કાર્યક્રમ સંપન્ન થયો.

# શ્રી સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ભુજમાં શ્રી ઘનશ્યામ મહારાજનો તૃતીય વાર્ષિક પાટોત્સવ



અનંત કોટિ બ્રહ્માંડના અધિપતિ શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વહસ્તે શ્રી નરનારાયણ દેવની સ્થાપના કરી તેવા મહાપવિત્ર સ્થળે બિરાજતા ઘનશ્યામ મહારાજનો વૈશાખ વદ-૫ ના વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો.

પાટોત્સવ નિમિતે તા.૬-૫-૧૨ થી ૧૦-૫-૧૨ સુધી નિષ્કુળાનંદ વિરચિત ભક્તચિંતામણી અંતર્ગત પરચા પ્રકરણની પાંચ દિવસની કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું. તેમાં કથાના યજમાન પદે સુખપરના પ.ભ.શ્રી નાથા હરજી હાલાઈ ધ.પ. મંજુલાબેન રહ્યા હતા.

કથાના વક્તાપદે પુ.સ્વામી આનંદસ્વરૂપદાસજી તથા પુ.સ્વામી શ્રીરંગદાસજીએ ભક્તોને શ્રીજીના પરચા સંભળાવી મંત્રમુગ્ધ કર્યા હતા. આ પ્રસંગે મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. પ્રેમપ્રકાશદાસજી, સ.ગુ.હરિજીવનદાસજી, પુ.સ.ગુ. શ્રીહરિદાસજીસ્વામી સ.ગુ. હરિજીવનદાસજી આદિક સંતોએ પધારી યજમાનને આશીર્વાદ પાઠવ્યા હતા.

તા.૧૦-૫-૧૨ના પ્રભાતે ૬:૩૦ કલાકે ઠાકોરજીનો પંચામૃત દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો. ગામ ગડાણીના અ.નિ. પુણ્ય સ્મૃતિમાં હસ્તે સા.યો. દેવબાઈ ધનજી ઘડાણીવાળા તરફથી અભિષેક અને અન્નકુટના યજમાન પદે રહ્યા હતા.

## રાજોપચાર પૂજન

બપોરે ૪ કલાકે વિદ્વાન બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોથી રાજોપચાર પૂજન વિધિનો પ્રારંભ કરાવ્યો.

ઠાકોરજીને રાજી કરવા પંડિતો દ્વારા ચાર વેદ તથા વિદ્યાર્થી સંતો દ્વારા ઉપનિષદ, વચનામૃત શિક્ષાપત્રી, પુરાણ, ગીતા જેવા પવિત્ર શાસ્ત્રોના મંત્રોનું પઠન કરવામાં આવ્યું. સહજાનંદ ગુરુકુલના વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા શ્રીહરિ અને ભક્તોને ખુશ કર્યા હતા.

તેમજ સંતો દ્વારા સંસ્કૃતના અષ્ટક, નંદસંતો વિરચિત કીર્તનો, તબલાવાદન, પખાવજ હારમોનિયમ, વાંસળી દ્વારા શ્રીઘનશ્યામને રાજી કર્યા હતા.

ઠાકોરજીને બદામ, કાજુ, પીસ્તા, આદિ સુકામેવાથી અભિષેક કરવામાં આવ્યો.

ત્યારપછી ઠાકોરજીને પાલખીમાં પધરાવી વિદ્યાર્થી સંતો તેમજ મહંત સ્વામી અને શ્રીહરિ સ્વામી પાલખીમાં જોડાઈ શ્રીહરિને ઝુલાવ્યા હતા. અને ભક્તો દ્વારા પુષ્પની વૃષ્ટિ કરી હતી. સાથે શ્રી ઘનશ્યામ મહારાજનો તેમજ નરનારાયણ દેવનો જય જયકાર દ્વારા સર્વ વાતાવરણ ગાજી ઉઠયું.

૭:૧૫ કલાકે ઠાકોરજીની સંધ્યા આરતી કર્યા બાદ ૬૦૦ કિલો ગુલાબની પાંખડીઓથી દેવોનો અભિષેક કરવામાં આવ્યો. આ ભવ્ય દર્શન સૌ ભક્તોના હૃદયમાં ઉતરી જાય તેવા ઠાકોરજી ફૂલોથી શોભિત હતા.

ત્યારબાદ રાજોપચારના યજમાન ગામ નારાણપરના રઘુનાથ યુવક મંડળ (નરનારાયણ યુવક મંડળ)ના યુવાનો ભેળા મળી સંતોની સાથે મહાઆરતી કરી વેદમંત્રો વડે અર્પણ કરવામાં આવેલ મંત્ર પુષ્પાંજલિ સાથે શ્રી ઘનશ્યામ મહારાજનો જય જય કાર થયો હતો.

વિદ્વાનોને પ્રસાદી મંદિરના મહંત સ.ગુ. દેવકૃષ્ણસ્વામીના હસ્તે દક્ષિણા તેમજ પહેરામણી અર્પણ કરી આ ભવ્યાતિભવ્ય ઉત્સવની સમાપ્તિ કરવામાં આવી હતી.


અ.નિ. મહંત સાંખયોગી ધનબાઈ કારાની પુણ્યસ્મૃતિમાં પાંચ દિવસની કથા પ્રસાદી મંદિરમાં કરાવી શ્રી હરિચરિતામૃત સાગર ગ્રંથનું વક્તા શ્રી શાસ્ત્રી કૃષ્ણ સ્વરૂપદાસજી સ્વામી તથા વિદ્યાર્થી સંતો તા.૧૩-૪-૧૨ ચૈત્ર વદ ૮ ને શુક્રવારથી ચૈત્ર વદ ૧૨ મંગળવાર તા.૧૭-૪-૧૨ સમાપ્ત કરી.

ચૈત્ર વદ અગીયારસ મંગળવાર તા.૧૭-૪-૧૨ના વાલબાઈ માવજી રાબડીયાના યજમાનપદે સહકુટુંબ પરિવાર ગામ સુખપર પ્રસાદી મંદિર ભુજ પંચાદિત્મક પારાયણ યોજવામાં આવેલ જેનો વક્તાપદે વિદ્યાર્થી સંતોએ કથાનું રસપાન કરાવેલ.

પુ.સ.ગુ. સ્વામી દેવકૃષ્ણસ્વામી, પ્રસાદી મંદિર વતી
રમેશ એમ. શાહ

# સત્સંગ સમાચાર

## ભુજમા યોજાઈ મહિલા સત્સંગ શિબિર



ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના સતસંગ મહિલા મંડળે તા. ૬-૫-૧૨ના દિવસે બાઈઓના મંદિરમાં સવારે ૮ થી સાંજે ૬ સુધી એક દિવસની શિબિરનું આયોજન કર્યુ. મહંત સ.ગુ. પુરાણી સ્વા. ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને ભુજનાં સાં.યો. મહંત સામબાઈની પ્રેરણાથી યોજવામાં આવેલ આ શિબિરમાં ક.યો. બહેનો તેમજ બાલિકાઓ મોટી સંખ્યામાં જોડાયા હતાં. સંચાલન પ.પૂ. સામબાઈ ફોઈએ કર્યુ હતું.

શ્રીહરિની મંગલસ્તુતિ પછી, કીર્તનોની રજુઆત કરવામાં આવી, શ્રીજી મહારાજના વિવિધ પ્રસંગો આધારિત વાર્તાઓ બાલિકાઓને સંભળાવી, વચનામૃતમાંથી શ્રીહરિએ સ્વમુખે કહેલી અમૃત વાણીનું પઠન કરવામાં આવ્યું.

પ.પૂ. સામબાઈ ફોઈએ પ્રશ્નોતરીના કાર્યક્રમમાં સત્સંગને અનુસરી વિવિધ પ્રશ્નો પૂછયા. બાલિકાઓ તેમજ યુવાન અને વયસ્ક બહેનોને પોતાને અનુરૂપ પ્રશ્નોના સંતોષકારક સચોટ જવાબ આપવાથી સર્વેને આનંદ થયો.

અંજાર યુવતી મંડળ તરફથી ક.યો. બહેનોએ મગનીરામના શ્રીહરિ સાથેના પ્રસંગનુ રૂપક રજુ કર્યુ. રૂપક બોધદાયક અને મનોરંજક બની રહ્યું.

સમાપ્તિ કાર્યક્રમમાં પ.પૂ. સામબાઈ ફોઈએ બહેનોને નિત્યનિયમ કરવા, શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે કરેલી આજ્ઞાઓનું પાલન કરવા તેમજ સત્સંગના સાહિત્યનું વાંચન કરવા જણાવીને કાર્યક્રમમાં ભાગ લેનાર બહેનોને પોતાની તરફથી સ્વહસ્તે કંઠી તથા કીચેઈન પ્રોત્સાહક ભેટ તરીકે આપ્યા હતાં. શ્રી સ્વામિનારાયણ ભગવાનના જયજય કારના નાદ સાથે શિબિરની સમાપ્તિ થઈ હતી.

---

## હરિપર વાર્ષિક પાટોત્સવ

તા.૨૯-૪-૨૦૧૨ વૈશાખ સુદ-૮ના રોજ શ્રી ઠાકોરજીનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઇ ગયો. આ પ્રસંગે ભુજથી સ.ગ.શ્રી નિરન્નમુકતદાસજી તથા સ.ગુ.શ્રી ઉત્તમપ્રિયદાસજી આદિ સંતો પધાર્યા હતા.

ઠાકોરજીનો અભિષેક, થાળ તથા આરતી કરી પુષ્પાંજલિ અર્પણ કરેલ. કથાવાર્તા બાદ ગામમાં શંકર ભગવાનના પાટોત્સવની આરતી પણ સંતો ઉતારી વિશેષ પૂજા કર્યા બાદ દરેક ભકતોને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

લી.લાલજીભાઇ ગોરસીયા

## જણસારી મંદિર

ભુજ શહેરમાં તા.૧-૫-૨૦૧૦ વૈશાખ સુદ-૧૦ના રોજ જણસારી મંદિર તરીકે ઓળખાતા જે મૂર્તિ નરનારાયણદેવની પધરામણી વખતે નારાયણ ભગવાનની મૂર્તિ ખંડિત થતાં એ મૂર્તિ જણસારી ભકતોના આગ્રહથી તેમને આપેલી તે મૂર્તિ અત્યારે છે. પ્રસાદી મંદિરમાં પાટોત્સવ નિમિત્તે પૂ.સ.ગુ.શ્રી વિશ્વજીવનદાસજી આદિ સંતો પધાર્યા હતા. ઠાકોરજીની આરતી હોમ હવન, અભિષેક અન્નકુટના દર્શનથી બધાજ ભકતો ધન્ય થયા હતા. સમૂહ પ્રસાદ બાદ ભકતો વિદાય છૂટા પડયા હતા.

અ. મહિપતરામ વાલજી - જણસારી

# શ્રી સ્વામિનારાયણ મંદિર - ગોધરા પુનઃ નિર્માણ દશાબ્દી મહોત્સવ

માંડવી શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ, શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી તથા ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી તેમજ માંડવી મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી તથા સ.ગુ. સ્વામી સનાતનદાસજીના આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર - ગોધરાનો દશાબ્દી મહોત્સવ તા. ૩-૪-૨૦૧૨ થી તા. ૭-૪-૨૦૧૨ પાંચ દિવસ ભવ્યાતિભવ્ય ઉજવાયો હતો. આ મહોત્સવમાં શ્રી નિષ્કુળાનંદ કાવ્ય પંચાહ પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

શ્રી નિષ્કુળાનંદ કાવ્ય પંચાહ પારાયણના વકતાપદે શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી બ્રહ્મજીવનદાસજી, શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી બ્રહ્મમુનિદાસજી રહ્યા હતા. આ વિદ્વાન વકતાશ્રીઓએ પોતાની આગવી અને સરળશૈલીમાં સંગીતના સથવારે કથામૃતનું રસપાન કરાવ્યું હતું. સંગીતનો સુમધુર સાથ સ્વામી શ્રીજીનંદનદાસજી તથા સ્વામી ઘનશ્યામજીવનદાસજીએ આપ્યો હતો.

પ્રથમ દિવસે વાજતે ગાજતે શ્રી સ્વામિનારાયણ મંદિર ગોધરાથી પોથીયાત્રા પ્રસ્થાન થઈ હતી. જે શ્રી સહજાનંદ કથામંડપ ગોધરામાં બાજોઠ પર પધરાવી પૂજન કરી કથાના પ્રથમ દિવસની શુભ શરૂઆત કરવામાં આવી. કથાના પ્રથમ દિવસે સવારના સત્રમાં ઘનશ્યામ પ્રભુનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો હતો. પ્રથમ દિવસે કથાના અંતમાં સ.ગુ. સ્વામી સનાતનદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. દ્વિતીય દિનની કથા અંતર્ગત શાકોત્સવમાં ગોધરા ગામના કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના સભ્યો દ્વારા દાદા ખાચર, સુરોખાચર, સોમલા ખાચર, અલૈયા ખાચર આદિક ભક્તોની વેશભૂષા ધારણ કરી ભવ્ય ઉજવણી કરાઈ હતી. કથાના દ્વિતીય સત્રમાં ભુજથી પધારેલા સંતો પૈકી સ.ગુ. પુરાણી સ્વામી નિરન્નમુકતદાસજી તથા સ.ગુ. પુરાણી સ્વામી શ્રીહરિદાસજીએ આશીર્વચનો પાઠવ્યા હતા. આજ દિવસે રાત્રે કચ્છ શ્રી



નરનારાયણદેવ યુવક મંડળ - ગોધરા તથા ન્યુ ભારાપરના યુવાનો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત દૂધાધારી બાવો, અભયસિંહ રાજાનાં ખુમારીભર્યા પાત્રો ભજવાયા હતા. આ જ દિવસે બપોરે ૧૧ થી ૩ કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવતી મંડળની શિબિરનું આયોજન પણ કરાયું હતું. તૃતીય દિવસની કથામાં ધામ-ધામથી સંતોનું આગમન થયું હતું. જે પૈકી ભુજ મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, સ.ગુ. પુરાણી સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિક નાના-મોટા વિદ્વાન સંતો પધાર્યા હતા.

આ દિવસે નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજનું આગમન થયું હતું. આ દિવસે ઠાકોરજી તથા મહારાજશ્રીની ભવ્ય નગરયાત્રા નીકળી હતી. જે અંબેધામથી શરૂ થઈ હતી. જાંજ-પખવાજ, તેમજ સંગીતના સૂરોના સથવારે ભવ્ય નગરયાત્રા કથા મંડપમાં વિરામ પામી હતી. આ દિવસની કથા અંતર્ગત ફૂલદોલોતસવનું આયોજન કરવામાં આવ્યું હતું. હિંડોળામાં બિરાજમાન શ્રી

નરનારાયણ દેવની આરતી પૂજ્ય મહારાજશ્રી દ્વારા ઉતારવામાં આવી. કથાના અંતમાં મહંત સ.ગુ. પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, માંડવી મંદિરના મહંત સ.ગુ. પુરાણી સ્વામી કેશવપ્રસાદદાસજી દ્વારા આશીર્વચન પાઠવાયા હતા. અંતમાં પૂજ્ય મહારાજશ્રીના આશીર્વચન પામી સૌ ભક્તો કૃતાર્થ થયા હતા. આ જ દિવસે રાત્રે માંડવી કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળના યુવાનો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમની ભજવણી થઈ હતી. ચતુર્થ દિને પ્રાતઃકાળમાં પૂજ્ય મહારાજશ્રી તથા સંતોના કરકમલો દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર – ગોધરાના દેવોનો અભિષેક કરવામાં આવ્યો હતો. ત્યારબાદ સંતો-ભક્તોએ કથાનું રસપાન કર્યુ હતું. આજ દિવસે રાત્રીના સમયે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ પુરાણી સ્વામી શૌનકમુનિદાસજીએ સ્વામિનારાયણ મહામંત્ર વિશે વકતવ્ય આપ્યું હતું. ત્યારબાદ શાસ્ત્રી સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજીએ ભગવાનની પૂજા વિશે સમજૂતી આપી હતી. કથાના પાંચમા દિને કથા બાદ કથાની પૂર્ણાહૂતિ થઈ હતી. અંતમાં પહેરામણી તથા સેવામાં અભિરત ભક્તોની સેવાને સંતો દ્વારા બિરદાવવામાં આવી હતી.

પાંચેય દિવસનો ભોજનરૂપી મહાપ્રસાદ, લાઈટ વ્યવસ્થા, પાણી વ્યવસ્થા, રસોડા વ્યવસ્થા, ગાડી વ્યવસ્થા, ફૂલહાર વ્યવસ્થા વગેરે અનેકવિધ સેવામાં હરભિક્તોએ જોડાઈ ઉત્સવ સફળ બનાવવા પ્રયાસ કર્યો હતો.

---




તા.૧૦-૪-૨૦૧૨ મંગળવારે શ્રી સ્વામિનારાયણ મંદિર – માંડવી મધ્યે શ્રી નિષ્કુળાનંદ કાવ્ય, પંચાહપારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વકતા પદે શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી બ્રહ્મમુનિદાસજી રહ્યા હતા. આ પારાયણના યજમાન માંડવીના અ.નિ. મનજી લક્ષ્મણ વેકરીયાની પુણ્ય સ્મૃતિમાં ગં.સ્વ. ધ.પ. જશુબેન તથા સુપુત્ર વિનોદ, રમેશ સુપુત્રી નયના સહપરિવાર રહ્યા હતા. માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદ દાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા.

તા. ૧૮-૪-૨૦૧૨ બુધવારે શ્રી સ્વામિનારાયણ મંદિર – માંડવી મધ્યે શ્રીમદ્ વાસુદેવ મહાત્મ્ય પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વકતાપદે શાસ્ત્રી સ્વામી શુકદેવસ્વરૂપદાસજી તથા પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી રહ્યા હતા. આ પારાયણના યજમાન પિયાવા અ.નિ. વીરજી શીવજી હિરાણી તથા અ.નિ. પ્રેમબાઈ વીરજી હિરાણીની પુણ્યસ્મૃતિમાં સુપુત્ર  નારાયણભાઈ તથા લાલજીભાઈ સહપરિવાર રહ્યા હતા. માંડવી મંદિરના સ.ગુ. સ્વામી સનાતન દાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા.

તા.૨૭-૪-૨૦૧૨ શુક્રવારે આજરોજ શ્રી સ્વામિનારાયણ મંદિર – માંડવી મધ્યે શ્રીહરિ લીલામૃત સાગર પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે શાસ્ત્રી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી તથા સ્વામીદાસજી રહ્યા હતા. આ પારાયણના યજમાન નાગલપરના દેવજી વાલજી હિરાણી ધ.પ. રાધાબાઈ સુપુત્ર મનજી આદિ પરિવાર રહ્યા હતા. પારાયણને અંતે સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી આદિ સંતોએ આર્શીવાદ આવ્યા હતા.

અહેવાલ : કોઠારી પુરાણી સ્વામી પરમેશ્વર સ્વરૂપ દાસજી

## રામનવમી - શ્રીહરિ જયંતી સવિશેષ પૂજન સહ સામૂહિક મહાપૂજા-માંડવી ઉત્સવ

તા.૧-૪-૨૦૧૨, રવિવારના રોજ માંડવી શ્રી વૃન્દાવનવિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી ઘનશ્યામ મહારાજના પરમ સાંનિધ્યમાં રામનવમી તથા શ્રીહરિ જયંત્તિ સવિશેષ પૂજન સહ સામૂહિક મહારાજનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌ પ્રથમ મધ્યાહ્ન સમયે ભગવાન શ્રી રામચંદ્રજીનો પ્રાગટ્ય મહોત્સવ ઉજવાયો હતો. સંતો-ભકતો દ્વારા ભગવાન શ્રી રામચંદ્રજીની પ્રાગટ્ય ધૂન તથા કીર્તનોની રમઝટ બોલાવાઈ હતી. સાંયકાળે સંધ્યા આરતી બાદ સવિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ૨૩૧ હરિભકતોએ પૂજાના વસ્ત્રો ધારણ કરી સામૂહિક મહાપૂજાનો લાભ લીધો હતો. આ સામૂહિક મહાપૂજાના મંત્રોથી સમગ્ર વાતાવરણ પવિત્ર બન્યું હતું. મહાપૂજા સ.ગુ. પુ.સ્વામી કેશવજીવનદાસજી દ્વારા કરાવવામાં આવી હતી. ત્યારબાદ ઝાંઝ-પખાજ દ્વારા પરંપરાગત રીતે તથા આધુનિક બેન્ડ પાર્ટીના (ઓરકેસ્ટ્રા) સુરોની સાથે કીર્તનોની રમઝટ અને રાસની રમઝટ જામી હતી. ભગવાનના પ્રાગટયની ખુશીમાં સંતો-ભકતોએ રાસનો આનંદ માણ્યો હતો. ત્યારબાદ બરાબર ૧૦:૧૦ ઘડીએ ઘનશ્યામ પ્રભુની પ્રાગટય આરતી થઈ. નગારા, દુંદુભી, ઝાંઝ-પખાજ સાથે ધર્મ ઘેર આનંદ ભયો... જય બોલો ઘનશ્યામના નાદથી સમગ્ર મંદિર ગાજી ઉઠ્યું. સાથે-સાથે મહાઆરતીનો લ્હાવો પણ ભકતોએ લીધો. પુષ્પવૃષ્ટિથી ઘનશ્યામ પ્રભુના પ્રાગટયને ભકતોએ વધાવી ધન્ય બન્યા. અંતમાં માંડવી મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી કેશવપ્રસાદ દાસજીએ આશીર્વચન આપતા જણાવ્યું કે સત્સંગી જીવન, પ્રકરણ-૨, અધ્યાય-૧૮ ભગવાન સ્વામિનારાયણે સ્વયં પોતાની જન્મજયંતિ ઉજવી. રામ નવમીનો મોટો ઉત્સવ કર્યો હતો. સૌ હરિભકતોએ પંચામૃત તથા પંજહરી પ્રસાદ લીધો હતો. આ ઉત્સવના યજમાન ગામ કોડાયના પ.ભ. શ્રી નાનજીભાઈ કુંવરજી વેકરીયા સહપરિવાર રહ્યા હતા.

અહેવાલ : કોઠારી પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

---

## દયાપરમાં ઉજવાયો મહોત્સવ

દયાપર મુકામે તા. ૨૬-૪ થી ૧-૫-૧૨ દરમ્યાન અ.નિ. પ.પૂ.સાં.યો. રામબાઈ ફઈની પુણ્ય સ્મૃતિમાં સત્સંગિજીવન પંચાહ પારાયણ મહોત્સવ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના માર્ગદર્શન હેઠળ યોજાયો.

મહોત્સવ અંતર્ગત તા.૨૬-૧૨ના ૮ વાગ્યે વિજય ધ્વજારોહણ બપોરે ૩ કલાકે પુ.શ્રીહરિદાસજીસ્વામી આદિ સંતોના હસ્તે પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીનું આગમ શોભાયાત્રા અને પોથીયાત્રા બેન્ડ પાર્ટી તથા ઉત્સવ મંડળ સાથે યોજાઈ. સાંજે ૬ વાગ્યે મહારાજશ્રીએ દીપ પ્રાગટય કરી મહોત્સવ ખુલ્લો મુકયો. વકતાપદે દેવચરણદાસજી સ્વામી તથા ગોલોકવિહારીદાસજી સ્વામી રહી કથાનો લાભ આપેલો. સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજી તથા મહારાજશ્રીના આશીર્વાદ મળ્યા. ભુજથી સાં.યો. મહંત શામબાઈ શિષ્ય મંડળ સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

ભુજના વડીલ સંતો દરરોજ આવતા રહ્યા. ૨૯-૪ ગાંધીનગરથી શા. સ્વામી હરિકેશવદાસજી પધાર્યા હતા. ૧-૫-જેતલપુરના પુરુષોતમપ્રકાશદાસજી પધાર્યા હતા. મહોત્સ્વ દરમ્યાન ઉજવાયેલ પ્રસંગોમાં ૨૯-૪-૧૨ના ઘનશ્યામ જન્મોત્સવ ધામધૂમથી ઉજવાયો, યજમાન પદે ઠાકરાણી પરિવાર રહ્યા. ૧-૫ના શ્રીહરિ પટાભિષેક મહોત્સવ તથા અન્નકૂટોત્સવ યજમાનપદે ઉમીયા એસ્ટેટ બ્રોકર હ.હસમુખભાઈ તથા ડાહ્યાભાઈ રહ્યા. સાંજે રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું.

સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મહિલા મંચ, બાળકો, યુવાનોનો સાંસ્કૃતિક કાર્યક્રમ તથા લોકડાયરો યોજાયો. મહોત્સવના મુખ્ય યજમાન અ.નિ. સાં.યો. રામબાઈ ફઈના શિષ્ય મંડળ સાં.યો. બહેનો રહ્યા. ઉત્સવના સહયજમાનમાં નાકરાણી પરિવાર દયાપર હાલ હુબલી રહ્યા હતા.

તા.૧-૫-૧૨ રાત્રે મહાઆરતી સાથે ઉત્સવની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી.

મહોત્સવમાં અબડાસા વિભાગના ગામના હરિભકતો તથા લખપત તાલુકાના ભાવિકો બહેનો પુરુષો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

અહેવાલ : રમેશભાઈ ગોગારી

# ગુરુકુલ મંગલ મહોત્સવ "જાણ પત્રિકા"

જય શ્રી સ્વામિનારાયણ સહ દરેક સ્નેહી, સજ્જનો, હરિભકતો અને કુટુંબ પરિવારને જણાવતાં અમોને આનંદ થાય છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા સામાજિક સેવા માર્ગને લક્ષમાં લઈ ભગવાનના સિધ્ધાંતને અનુસરીને ॥ પ્રર્વતનીયા સદ્‌વિદ્યા ભૂવિ યત્સુકૃતં મહત્ ॥ સૌપ્રથમ આપણા સંપ્રદાયમાં શૈક્ષણિક સંસ્થા (ગુરૂકુલ)ની સ્થાપના ભુજ મંદિરના અ.નિ.સ.પૂ. મહંત શ્રી શ્રીવલ્લભદાસજી સ્વામીએ ભારતની આઝાદી પહેલાં ઈ.સ.૧૯૪૪માં કરી અને અ.નિ.સ.પૂ. મહંત શા.શ્રી ધર્મજીવનદાસજી સ્વામીએ ઈ.સ. ૧૯૬૩માં વિદ્યાલયની શરૂઆત કરી. તેમાં મેળવેલ વિદ્યાભ્યાસ અને સુસંસ્કાર પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓ પોતાની ઉત્તમ કારકિર્દી બનાવી દેશ-વિદેશમાં 'સ્વામિનારાયણ' મંત્રને ગુંજતો કર્યો.

અ.નિ.સ.પુ. મહંત શ્રી હરિસ્વરૂપદાસજી સ્વામી દ્વારા બાળકો અને બાલીકાઓ વિદ્યાભ્યાસની સાથે ઉચ્ચતમ સંસ્કારો સંપન્ન કરે, સત્સંગ સેવક, સમાજ સેવક, માનવોદ્ધારક બને તેમજ સંસ્કૃતિના સાચા રક્ષક બને તેવા શુભ હેતુસર ભુજ મંદિર દ્વારા ગુરુકુલોની સ્થાપના કરવામાં આવી. આપણા શ્રી સહજાનંદ ગુરુકુલના બીજ ઈ.સ. ૨૦૦૩માં પૂજય મહંત સ્વામીના વરદહસ્તે રોપાયાં. તેને આજે નવ વર્ષ થયા. આ સંસ્થામાં શ્રી પુરુષોત્તમ વિદ્યાલય (ગુજરાતી માધ્યમ)ની સાથે (અંગ્રેજી માધ્યમ) કાર્યરત છે. આજે ૫૫૦થી વધુ વિદ્યાર્થીઓ સંસ્કારયુકત શિક્ષણ મેળવી રહયા છે. શિક્ષણની ઉચ્ચ ગુણવતાના પરિણામ સ્વરૂપ ધો.૧૦નું પરિણામ સો ટકા આવ્યું છે. અને કચ્છમાં સંસ્થાએ ગૌરવપ્રદ સ્થાન પ્રાપ્ત કર્યુ છે. વિદ્યાર્થીના સર્વાંગી વિકાસમાં શિક્ષણ જેટલું મહત્ત્વ ખેલકૂદનું છે. રમત ગમ ક્ષેત્રે પણ વિવિધ સ્પર્ધાઓમાં રાજયકક્ષાએ, રાષ્ટ્રીય કક્ષાએ તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ પહોંચીને આપણા વિદ્યાર્થીઓએ શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજને ગુરુકુલને તેમજ જિલ્લાને ગૌરવ અપાવ્યું છે.

વિશેષ જણાવતાં આનંદ થાય છે કે પુ.સ. મહંત શ્રી ધર્મનંદનદાસજી સાથે આપણા મંડળના વડીલ અને અખંડ ભગવત્‌પરાયણ આ સંસ્થાના પ્રાણ સમા સ.પુ. શ્રી શ્રીહરિદાસજી તથા સ.પુ. શ્રી દેવકૃષ્ણદાસજી તથા સંચાલક સંતમંડળ તથા ટ્રસ્ટી મંડળ સૌએ મળીને શ્રી ગુરુકલ મંગલ મહોત્સવ તા.૨૯-૧૧-૨૦૧૨ થી ૩-૧૨-૨૦૧૨ દરમ્યાન પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ મહોત્સવ ઉજવવાનું નિર્ધારિલ છે. જે મહોત્સવમાં આ ગુરુકુલનાં દાનવીર દાતાશ્રીઓ, સેવાભાવીઓ તેમજ શિક્ષણ વિષયક માર્ગદર્શકોને સન્માનિત કરવામાં આવશે અને સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ તેમજ અન્ય વિવિધ મનમોહક કાર્યક્રમોથી ભરપુર એવો મહોત્સવ આપણા ગુરુકુલના આંગણે ઉજવાશે.

લી. મંડળના વડીલ તથા સંચાલક સંતો અને ટ્રસ્ટીમંડળ
શ્રી સહજાનંદ ગુરુકુલના જય શ્રી સ્વામિનારાયણ

---

# માંડવી શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

તા.૮-૪-૨૦૧૨, રવિવાર માંડવી શ્રી સ્વામિનારાયણ મંદિરે શ્રી ઘનશ્યામ મહારાજનો વાર્ષિક પાટોત્સવ ઉજવાયો હતો.

માંડવી મંદિરના મહંત સ.ગુ.પુ. સ્વામી કેશવપ્રસાદદાસજી દ્વારા પૂજા સાથે પ્રાતઃકાળમાં દૂધ, દહીં, ઘી, મધ, સાકર પંચામૃત વડે શ્રી ઘનશ્યામ મહારાજનો અભિષેક કરવામાં આવ્યો હતો. અભિષેક બાદ આરતી દર્શન તથા અન્નકુટ દર્શનનો લાભ હરિભકતોએ લીધો હતો. આ પાટોત્સવના યજમાન પદે અ.નિ. રામજી કાનજી વેકરીયા ધ.પ. વાલબાઈ સુપુત્ર દિનેશ, શૈલેશ સહપરિવાર હસ્તે મનજી દેવજી વેકરીયા રહ્યા હતા.

અહેવાલ : કોઠારી પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજી

# કેરા : યુવા સંમેલન



કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળની પ્રાંતીય યુવા સત્સંગ સંમેલનનું આયોજન સવારથી સાંજ સુધી કેરા મધ્યે શ્રી જડેશ્વર મહાદેવના મંદિરે કરવામાં આવ્યું તેમાં ૬ ગામના યુવાન હરિભક્તોએ લાભ લીધો હતો. ભુજ નગરથી શ્રીહરિદાસજી સ્વામીની નિશ્રામાં સંતો પધાર્યા હતા. તેમાં જુદા જુદા સંતોએ ધર્મ જ્ઞાન વિરાગ ભકિતની વાતો કરી ભકતોને રાજી કર્યા. બપોરે ઠાકોરજીને આગળ થાળ ગોઠવી અને થાળ બોલી સૌએ પ્રસાદ લીધો હતો. બધા ભકતને માતા પિતા-વિદ્યા-ગુરુ-દેશ-માળા-ધ્યાન-મૂર્તિ આ સાત અંગની વાત સ્વામી સત્યપ્રસાદદાસજીએ વિસ્તારથી સમજાવી હતી. તો સાંજે ચાર વાગે યુવાનોનું વાંચન અભ્યાસ કેટલો છે. તેના વિશે પ્રશ્નઉત્તર અને પછી સંપથી રહો પછી ગામમાં રહે ઘરમાં રહો કે પછી સંત સંગમાં રહો એક બીજાને સમજો અને એકબીજાને મદદ કરો એના વિષે સ્વામી પરમહંસદાસજીએ સમજાવ્યું હતું. અને શ્રીહરિદાસજીએ બધા યુવાનોને આશીર્વાદ આપ્યા હતા. આ શિબિરનું સંચાલન સ્વામી અક્ષરપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

અહેવાલ :શીવજી નાથા ભુવા કેરા

---

## શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપારલે મુંબઈ

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન વિલેપારલે મુંબઇ ખાતે તા.૧૩-૫-૧૨ રવિવારના રોજ મંદિરના પ્રાંગણમાં સાંજે ૫:૩૦ થી ૮:૦૦ વાગ્યા દરમિયાન ખૂબ જ ભકિતસભર સત્સંગ સભા યોજાઈ હતી જેનો દરેક હરિભક્તોએ લાભ લીધો હતો. તથા સંતો દ્વારા ભજન ભક્તિ કથાવાર્તા કરવામાં આવ્યા હતા. સ્વામી શ્રી ભક્તિવિહારીદાસજી તથા સ્વામી શ્રી નિર્ભયજીવનદાસજીએ ધૂનની રમઝટ બોલાવી હતી. અને કથા દ્વારા સત્સંગીઓને અમૃત વચનો પીરસ્યા હતા. બાદમાં સ્વામી શ્રીકૃષ્ણપ્રસાદદાસજીએ આશીર્વાદ આપ્યા હતા. અને ગામ ભચાઉ હાલે મુંબઈના રહેવાસી એવાપ.ભ.શ્રી શામજીભાઈ કાનજી નીશર તથા ધ.પ.મીનાબેન શામજી નીશર ભોજન રૂપી પ્રસાદનાયજમાન બન્યા હતા. છેલ્લે મહાઆરતી કરવામાં આવી હતી.

તા.૨૦-૫-૧૨ રવિવારના રોજ પણ આવો જ સત્સંગનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો અને ભુજથી સ્વામી શાન્તિપ્રિયદાસજી, સ્વામી વિશ્વવલ્લભદાસજી, આદિ સંતો પધાર્યા હતા અને પોતાની અમૃત વાણીનો સર્વે ભક્તોને લાભ આપ્યો હતો અને સ્વામી શ્રીજી નંદનદાસજી દ્વારા સંગીતના સુમધુર સ્વરોથી સર્વે હરિભક્તો મંત્રમુગ્ધ બન્યા હતા. અને બાદમાં મહાઆરતી કરવામાં આવી હતી, સહુ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. અને છેલ્લે સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી આશીર્વાદ પાઠવ્યા સભા સંચાલનનો દોર સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજી અને આભારવિધી પ.ભ.શ્રી લાલજીભાઈ ખીરા ખુથીયાએ કરી હતી.

અહેવાલ : પરેશ તુલસીદાસ સાંખલા.

---

## કલ્યાણપર

કલ્યાણપર (રાપર વાગડ) શ્રી સ્વામિનારાયણ ભગવાનનો વાર્ષિક પાટોત્સવ ધામધૂમથી ઉજવાઇ ગયો. સ.ગુ.સ્વામી સ્વંયપ્રકાશદાસજી તથા સ.ગુ.પુ.બાલકૃષ્ણદાસજી તથા સ.ગુ.પુ.હરિબળદાસજી આદિ સતો ભુજથી તથા રાપર ગુરુકુળના સંતોએ પધારી ખૂબ ધામધૂમ પૂર્વક થાળ-આરતી તથા પુષ્પાંજલિ અર્પણ કરાઇ હતી. અને કથાવાર્તાનો સંતોએ લાભ આપ્યો હતો. સમગ્ર ગામના ભકતોને પ્રસાદ અપાયા બાદ છૂટા પડયા હતા.

અહેવાલ : ગોવિંદભાઇ-કલ્યાણપર

# વિશ્રાંતિ ભવન, અમદાવાદ-૨ પ્રગતિ અહેવાલ


શ્રીજી મહારાજની અનહદ કૃપાથી સંપ્રદાયના વિકાસની સાથોસાથ સત્સંગનો વ્યાપ પણ વધતો જાય છે. હરિભકતોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે તેમ તેમ ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા હરિભક્તોને મુશ્કેલી ન પડે તેની સતત કાળજી સાથે તેમના માટે સુવિધાઓ પણ વધારવામાં આવી રહી છે.


અમદાવાદ મધ્યે કાળુપુરમાં આપણું વિશ્રાંતિ ભવન છે તે હવે નાનું પડે છે અને વિદેશથી આવતા અને વિદેશ જતા હરિભકતો માટે એરપોર્ટથી દૂર પડે છે. આ અસુવિધાનો અંત લાવવા ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય પ.પૂ. સ.ગુ. મહંત સ્વામી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને આજ્ઞા મુજબ અમદાવાદમાં ગાંધીનગર-અમદાવાદ હાઈવે પર એપોલો હોસ્પિટલની બાજુમાં ઈન્ટરનેશનલ એરપોર્ટની બાજુમાં અદ્યતન સુવિધાઓ સાથેના બીજા વિશ્રાંતી ભવનનું નિર્માણ કાર્ય પૂરજોશમાં ચાલુ છે. અતિ વિશાળ જગ્યામાં એકસો સંપૂર્ણ સુવિધાજનક રૂમ, ૫૦,૦૦૦ સ્કે.ફૂટ જેટલું બાંધકામ હાથ ધરાયું છે. જેમાં ભોજનાલય, પ્રાર્થના હોલ, સંત નિવાસ પણ નિર્માણ પામશે. ઉપરાંત વિશાળ પાર્કીંગની સુવિધા પણ રહેશે. અત્યારે આ ધમધોકાર ચાલતા નિર્માણ કાર્ય દ્વારા વિશ્રાંતિ ભવન ઓગષ્ટ, ૨૦૧૩માં પૂર્ણ થશે એવી ધારણા છે. આ વિશ્રાંતિ ભવન હરિભકતો માટે ખૂબ જ સુવિધાજનક અને ઉપયોગી પુરવાર થશે. જે કાર્ય સ.ગુ. સ્વામી ભક્તિવલ્લભદાસજી સંભાળી રહ્યા છે.

## અક્ષર નિવાસી

ગામ કુંદનપુર હાલે બોલ્ટન ગાંગજીભાઈ દેવશી હાલાઈ બોલ્ટન મધ્યે તા.૫-૫-૨૦૧૨ શનિવારના અક્ષરવાસી થયેલ છે. શ્રીજી મહારાજ દિવ્યાત્માને પોતાના ચરણ કમળનું સુખ આપે એજ પ્રાર્થના.

પ.ભ. સોની કાંતિભાઈ માધવજી ઉ.વ.૮૧ હૈદ્રાબાદ મધ્યે શ્રીજીનું સ્મરણ કરતાં અક્ષરધામ સીધાવ્યા છે. સહજાનંદ સ્વામીના પ્રત્યક્ષ દર્શનથી ધન્ય થઈ વંશપરંપરાગત રીતે સત્સંગ સાથે જોડાયેલા આ પરિવારે એક મોભી ગુમાવ્યો છે. શ્રીજી મહારાજ દિવ્યાત્માને પોતાના ચરણ કમળનું સુખ આપે એજ પ્રાર્થના.





# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ વુલવીચ - સત્સંગ સભા

તા.૧૯-૧૨-૧૧ થી તા.૨૧-૧૨-૧૧ તથા તા.૨૭-૧૨-૧૧ થી તા.૨૯-૧૨-૧૧ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ યુ.કે.વુલવીચ મંદિરના યુવકો તરફથી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. સભાનું નામ મારા મહારાજ "MY MAHARAJ'' રાખેલ હતું. ક્રિસમસની રજાઓ હોવાથી યુવકોને વિચાર થયો કે આ રજાના દિવસો છે તો તેનો સદ્ઉપયોગ કરવો. આપણને પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ મળ્યા છે તો તેને કઇ રીતે ઓળખવા તેને વિષે સત્સંગ સભામાં યુવકોએ અરસ પરસ ચર્ચાઓ કરેલ અને સત્સંગ વિષે ઘણું જાણવાનું પણ મળ્યું.

ઉપરોકત સત્સંગ સભાની શરૂઆત વહેલી સવારથી નંદ સંતોએ રચિત પ્રભાતિયા તથા નંદ સંતોના કીર્તનો તેમજ ધૂનથી કરવામાં આવેલ.

આ સભામાં મુખ્ય વિષય એ હતો કે ભગવાન ક્યાં છે ? તો તેના વિષે વિવિધ રજૂઆત કરવામાં આવેલ અને સમજાવવામાં આવેલ કે આ દરેક વસ્તુમાં ભગવાન રહેલા છે અને જો ભગવાન ન હોય તો વસ્તુ પણ ન હોય. એટલે ભગવાન "OMNIRESTENT'' સર્વ વ્યાપક. તથા "OMNISCOTENT'' સર્વજ્ઞ છે અને છેલ્લે "OMNIPOTENT'' એટલે કે સર્વ શકિતમાન છે અને ભગવાન બધું જાણે છે ''તનકી જાણે મનકી જાણે. જાણે ચિત ચોરી'' અને ભગવાન સર્વના કર્તા છે. આજનો માનવી કહેતો રહ્યો છે કે આ બધું હું કરું છું અને મારાથી થાય છે. આ બધી મારી શકિત છે આમ આજનો માનવી કહ્યા કરે છે અને અહંકારમાં ફરે છે પણ વિચારતો નથી એ બધી શકિત કોણે આપી, ભગવાને તો શકિત આપી છે. સત્સંગનો મહિમા સમજાય એ હેતુથી સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ.

ઉપરોકત સભામાં દરરોજ લગભગ ૩૫ થી ૪૦ યુવકોએ ભાગ લીધો હતો અને તેમાં જુદી જુદી ટુકડીઓની રચના કરવામાં આવેલ હતી. ૧.માઇટી દક્શ, ૨. નરનારાયણ વોરીયર્સ અને ૩. ટીમ વન આ પ્રમાણે ટીમોની રચના કરવામાં આવેલ અને દરેક યુવકોએ પોતાની ટુકડીમાં રહી આ સત્સંગની મજા માણી હતી અને બહુજ રાજી થયા હતા અને વિચારણા કરેલ, આગામી રજાના દિવસોમાં આનાથી પણ વિશેષ સત્સંગ સભાનું આયોજન કરવું અને વધુ સંખ્યામાં યુવકો આવે અને વધુ સત્સંગનો લાભ મળે એવી સદ્ભાવના સાથે ઉપરોકત ચાલતી સભાનું સંપૂર્ણ સમાપન કરવામાં આવેલ.

---

## શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ કાર્ડિફ તથા શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ વુલવીચ

તા.૧૦-૩-૨૦૧૨ શનિવારના શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ કાર્ડિફ તથા શ્રી સ્વામિનારાયણ યુવક મંડળ વુલવીચના યુવકો તરફથી સંયુક્ત સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં યુવકો અને યુવતીઓની હાજરી હતી. સત્સંગમાં આપણે કઇ રીતે વિકાસ કરવો અને સત્સંગમાં નવા યુવકો કઇ રીતે લાવવા તેના વિષે ચર્ચાઓ કરવામાં આવેલ અને સત્સંગમાં આપણી ક્યાંય ખામીયો રહેતી હોય તો તેના વિષે શું કરવું અને આપણામાં કંઇ કચાશ રહેતી હોય તો તેમાં સાવધાન રહી અને એ કચાશને દૂર કરવી અને સંતોના માર્ગદર્શન હેઠળ સત્સંગમાં આગળ વધતા રહેવું તેવા પ્રયાસો કરવાં.

ત્યારબાદ સાંજની સભા બાદ કીર્તનભજનનો કાર્યક્રમ રાખવામાં આવેલ તેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો. કાર્ડિફથી પધારેલા યુવકોએ તથા સ્થાનિક યુવકોએ પોતાના સુરીલા અવાજમાં કીર્તનો સંભળાવ્યા. તેમાં યુવકો તથા આબાલ ભક્તજનો ખૂબ જ રાજી થયાં. અંતમાં પ્રમુખશ્રી લાલજીભાઇ હાલાઇ તમામ ભક્તજનોનો આભાર માની સભા વિસર્જન કરેલ હતું.

અહેવાલ : વાસુદેવ પાંચાણી - યુવક મંડળ, વુલવીચ


## કાર્ડિફમાં શ્રી મદ્ ભાગવત કથા પારાયણ


કાર્ડિફ યુ.કે.માં વસતા ગામ કેરાના મનજીભાઇ નાથા ભુડીયા તથા ધ.પ. મંજુબેન નાથા ભુડીયા તથા તેમના સુપુત્રો અનિલ, હિતેશ અને નિલેશ તથા સહપરિવાર વતી સવંત ૨૦૬૮ના વૈશાખ સુદ-૨ને તા. ૨૩-૪-૨૦૧૨ થી વૈશાખ સુદ-૮ તા. ૨૯-૪-૨૦૧૨ દરમ્યાન શ્રી સ્વામિનારાયણ મંદિર કાર્ડિફમાં શ્રી વ્યાસમુનિ કૃત શ્રી મદ્ ભાગવતના સપ્તદિનાત્મક પારાયણનું આયોજન અ.નિ.દાદા દેવશીભાઇ ભીમજી ભુડીયા તથા દાદીમા હીરબાઇ તથા અ.નિ.ફઇ કાનબાઇ ગોપાલ માયાણી તથા અ.નિ.પિતાશ્રી નાથાભાઇ દેવશી ભુડીયા તથા માતૃશ્રી રામબાઇ આદિ કુટુંબીજનોના આત્યંતિક કલ્યાણ અર્થે આયોજન કરવામાં આવેલ હતું. કચ્છ ભુજથી પધારેલ પુરાણી સ્વામી શ્રી ભકતવત્સલદાસજી તથા પુરાણી સ્વામી શ્રી હરિપ્રસાદ દાસજી વ્યાસ પીઠ પર બિરાજી કથામૃતનું પાન કરાવ્યું હતું. સ્વામી જ્ઞાનપ્રકાશદાસજી તથા સ્વામી નંદકિશોરદાસજીએ સહિંતાપાઠના આસન પર બિરાજી બે મૌન કથાનું પુરશ્ચણ કરેલ હતું. પારાયણના પ્રસંગ દરમ્યાન શ્રી કૃષ્ણ જન્મોત્સવ આનંદભેર ઉજવ્યો હતો, અને શનિવારે સાંજે કથાની સમાપ્તિ બાદ ઠાકરથાળી ઉત્સવ નિમીતે રાસઉત્સવ ત્યારબાદ સૌને પ્રસાદરૂપે સમૂહ ભોજન પીરસવામાં આવેલ હતું. યજમાન વતીથી ભુજ, અંજાર, માંડવી તથા ભુજ પ્રસાદી મંદિરના સંતોને રસોઇ તથા ઠાકોરજીના થાળની સેવા કરવામાં આવેલ હતી. તે ઉપરાંત શ્રી સ્વામિનારાયણ વિદ્યામંદિર ભુજની કન્યાઓને પણ રસોઇની સેવા કરેલ હતી. કથાપારાયણના સાતે દિવસોએ હરિભકતોએ કથા શ્રવણ તથા દર્શન અને પ્રસાદનો લાભ લીધો હતો. કથા પારાયણની પૂર્ણાહુતિના દિવસે સ.ગુ.સ્વામી મહાપુરુષદાસજીએ પારાયણના યજમાનોને આશીર્વાદ આપ્યા હતા અને હારતોરા પહેરાવી સન્માન કર્યુ હતું, અને ધન્યવાદ પાઠવ્યા હતા.

અહેવાલ : રત્ના મુરજી હિરાણી

## કચ્છડો બારે માસ

નૂતન મંદિરના નિર્માણ બાદ સમગ્ર દેશભરમાંથી અનેક મહાનુભવોએ મંદિરની મુલાકાત લીધી અને પ્રભાવિત થઈને પોતાનાં પ્રતિભાવો રજૂ કર્યા છે. તે પૈકી એન. ગોપાલા સ્વામી (આઈ.એ.એસ.) (ભૂતપૂર્વ ચીફ ઈલેકશન કમીશ્નર, ભૂતપૂર્વ કલેકટર ઓફ કચ્છ) દ્વારા જે પ્રતિભાવો સાંપડેલ તે અત્રે રજૂ કરવામાં આવ્યા છે.


૧. આજ રોજ મંદિરની
મુલાકાત લઇને દર્શન
કર્યું. ભુજ મંદિરની રચનાનું
વર્ણન થઇ શકે એમ નથી
એવી રચના છે. ભક્તો અને
સંતોની મહેનતથી આ કામ
કરાયું ને ગૌરવ આપે એવી
આ ઇમારત છે અને
સ્વામીનારાયણ સંપ્રદાયને
માટે ગૌરવ રૂપ આ
મંદિરનાં વિદ્યાર્થીઓને
ખૂબ ગમે એટલું પણ નહીં
પણ સંપ્રદાય અને સમાજને
દેશ પ્રત્યે આપણી સેવા
બદલ ધન્યવાદ. મંદિરના માજી
દર્શન કરી રહ્યા એ મારું સદ્ભાગ્ય



# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

લેખન : શા.સ્વામી સંતસ્વરૂપદાસજી

આવ્યો ચાતુર્માસ

બાલમિત્રો ! ચાતુર્માસનો પ્રારંભ અષાઢ માસથી થાય છે. આ મહિનામાં રથયાત્રા, દેવપોઢી એકાદશી, ગુરુપૂર્ણિમા અને હિંડોળાપર્વ જેવા ઉત્સવો આવે છે.

ચાતુર્માસની શરૂઆત અષાઢ સુદ એકાદશીથી ગણવામાં આવે છે. ચાતુર્માસના પ્રારંભના પૂર્વ દિવસથી જોડાયેલ એક વિરલ પ્રસંગ છે. અષાઢ સુદ-૧૦ના માત્ર ૧૧ વર્ષની ઉંમરે ભગવાન સ્વામિનારાયણ ઘરનો ત્યાગ કરી તપ કરવા નીકળ્યા હતા.



દેવપોઢી એકાદશીની સાથે સંકળાયેલી પૌરાણિક કથાઓ પ્રસિદ્ધ છે. અષાઢ સુદ એકાદશીથી ભગવાન વિષ્ણુ ક્ષીર સાગરમાં શયન કરે છે. તેથી આ એકાદશીને દેવશયની એકાદશી પણ કહે છે. કેટલાક કહે છે કે બલિરાજાનું રાજ્ય લેવા ભગવાન વિષ્ણુએ વામન અવતાર લીધો હતો. વામન ભગવાને બલિ પાસે ત્રણ પગ ભૂમિની માંગણી કરી. ગુરુ શુક્રાચાર્યે બલિરાજાને સમજાવ્યો છતાં આ દાનવીર અસુરે બટુક વામનની ઇચ્છા પૂર્ણ કરવા પ્રતિજ્ઞા લીધી. ભગવાનનું સ્વરૂપ વામનમાંથી વિરાટ થયું, બે પગલામાં પૃથ્વી અને સ્વર્ગ બન્ને લોક આવી ગયાં ! જયારે ત્રીજા પગલાંની વામન ભગવાને માંગણી કરી ત્યારે સઘળી સંપત્તિ ખોઇ બેઠેલા બલિએ, અંતે એક પગલાં માટે ભક્તિભાવથી કહ્યું કે પ્રભુ આપનું ત્રીજું પગલું મારા મસ્તક ઉપર રાખો ! આમ તેણે પોતાનું શરીર ધરીને પ્રતિજ્ઞા પૂર્ણ કરી. ભગવાને બલિને સુતલ લોકમાં મોકલી દીધો. ભગવાને બલિનું ધન જીત્યું, બલિએ ભગવાનનું મન જીત્યું. બલિએ ભગવાનને ઓળખી લીધા. અને સર્વસ્વ દાનમાં આપી દીધું. આથી વિષ્ણુ પ્રસન્ન થયા ને વર માંગવા કહ્યું. ત્યારે બલિએ અખંડ અહીં રહી દર્શન આપો એ વરદાન માંગ્યું, વિષ્ણુએ તથાસ્તુ કહ્યું અને ત્યાં જ રહી ગયા. વૈકુંઠમાં લક્ષ્મીજી વિષ્ણુ ભગવાનનો વિયોગ સહી ન શક્યાં. આથી બલિને ભાઇ કર્યો. ચાર ચાર મહિનાના વારા કર્યા. અષાઢ સુદ એકાદશીથી કાર્તિક સુદ એકાદશી સુધી ભગવાન વિષ્ણુ બલિને દર્શન આપવા પાતાળમાં જાય છે તેથી આ ચાર મહિનાને ચાતુર્માસ કહેવામાં આવે છે. બલિને દર્શન દેવા પાતાળમાં જાય કે ક્ષીર સાગરમાં શયન કરી ગયેલા પ્રભુની સ્મૃતિ નિરંતર થયા કરે અને તેઓ પુનઃ જલ્દીથી દર્શન દેવા પધારે તે હેતુથી ભક્તો આ દિવસથી શરૂ કરી ચાર માસ સુધી વિવિધ વ્રતનિયમનું પાલન કરે છે. તેથી તેને નિયમની એકાદશી પણ કહેવામાં આવે છે.

શ્રીજી મહારાજે પણ શિક્ષાપત્રીમાં ચાતુર્માસને વિષે વિશેષ નિયમ લેવાની આજ્ઞા કરી છે. અમારા જે સર્વે સત્સંગી તેમણે ચાતુર્માસને વિષે વિશેષ નિયમ ધારવો, અને જે મનુષ્ય અસમર્થ હોય તેમણે તો એક શ્રાવણ માસને વિષે વિશેષ નિયમ ધારવો.

બાળમિત્રો ! નિયમ લેવાથી શું ફાયદો થાય છે. તે વિષે સાંભળીએ એક વાર્તા.

કોઇક ભગવાનના ભક્ત પરમાર્થી સાધુ ફરતા ફરતા કોઇક ગામમાં આવ્યા. ત્યાં કેટલાક માણસો દર્શન કરવા આવ્યા હતા. ત્યારે તે સાધુએ એક માણસને કહ્યું કે તમો કંઇ નિયમ લેશો ? ત્યારે તે માણસે કહ્યું બાપજી ! અમે સંસારી કહેવાઇએ, તે અમે

વળી શું નિયમ પાળી શકીએ. તો પણ તે સાધુ બહુ આગ્રહથી કહ્યું, ત્યારે તે માણસે કહ્યું કે મારી સામે રહેતા કુંભારની દાઢી જોઇને અન્નજળ લેવું તે વિના ન લેવું. એ નિયમ લઉ છું. ત્યારે તે સાધુ કહે હા એ નિયમ રાખ. ત્યારે તે પુરુષ રાજી થયો ને કહેવા લાગ્યો વાહ વાહ !!! મહારાજ મારા થકી બની શકશે તેવું જ નિયમ લેવાની હા કહી. હવે હું તેમજ કરીશ. એમ કહીને પોતાને ઘેર ગયો. પેલા સાધુ પણ પોતાને માર્ગે ચાલતા થયા. પેલો માણસ નિયમ પ્રમાણે કુંભારની દાઢી જોઇને જમતો. એમ કરતા કેટલાક દિવસો વિત્યા એક દિવસ પેલો પુરુષ સવારમાં ઉઠીને ભોજન કરવા ઉતાવળો થયો ત્યાં તેમના સગાએ કહ્યું કે તમારે કુંભારની દાઢી જોવાનું નીમ છે માટે કુંભારની દાઢી જોઇ આવો પછી ભોજન મળશે. આમ કહ્યું એટલે તે પુરુષ કુંભારના ઘર તરફ દોડયો. ત્યારે લોકોએ કહ્યું કે તે તો વહેલો ઉઠીને માટી લેવા ભાગોળ તરફ ગયો છે. એટલે તે પુરુષે ભાગોળ તરફ દોટ મૂકી. તે ચાલતા ચાલતા કુંભાર જયાં માટી ખોદતો હતો ત્યાં નજીક જઇ પહોંચ્યો. તેવામાં કુંભાર જયાં માટી ખોદતો હતો ત્યાં દ્રવ્યનો ચરૂ નીકળેલો તેથી તે બહાર ડોકા કાઢીને જોતો હતો કારણ કે કોઇ જોઇ જશે તો આ દ્રવ્ય મને પચશે નહીં તેથી તે જોતો હતો. તેવામાં પેલો માણસ દોડતો ત્યાં આવ્યો અને મંડયો બોલવા દીઠી દીઠી, તેથી કુંભારે એમ જાણ્યું જે આ દ્રવ્યનો ચરૂ જોઇ ગયો. તેથી કુંભાર બોલવા લાગ્યો તારો મારો અડધો ભાગ આ વાત કોઇને કરતો નહીં. ત્યારે પેલો માણસ કહેવા લાગ્યો જે કાંઇ ફીકર નહીં તું તારે ફાવે તેમ કરજે. એમ કહીને ઘેર આવ્યો જમીને ઉઠયો તેવામાં પેલો કુંભાર બે-ચાર હજાર રૂપિયાની ગાંસડી લઇને આવ્યો. એના આગળ મૂકીને કહે લ્યો ભાઇ કાંઇ બોલશો નહીં. એમ કહીને કુંભાર પોતાને ઘેર ગયો. ને પેલો માણસે વિચાર્યુ કે સાધુની પાસે લીધેલ આવા નિયમથી પણ મને આ દ્રવ્ય મળ્યું છે. તો સાધુના વચને ભગવાનને રાજી કરવા નિયમ લઉતો ભગવાનનું ધામ મળી જાય. એમ વિચારી સાચો ભક્ત થયો.

બાળમિત્રો વાચ્યું ને નિયમથી શું ફાયદો થાય છે. માટે ભગવાનને રાજી કરવા ચાતુર્માસને વિષે નિયમ લેવાનું ભૂલતા નહિં.

# જ્ઞાનસરિતા

## :: જ્ઞાનમાળા ::

નીચે આપેલા ચાર વિકલ્પોમાંથી ચાર જવાબ નીચે લાઇન કરો.

(૧) ભુજ મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિની પ્રતિષ્ઠા કોણે કરેલી છે ?
(૧) શ્રીજી મહારાજ (૨) અયોધ્યા પ્રસાદજી (૩) કેશવપ્રસાદજી (૪) પુરુષોત્તમ પ્રસાદજી

(૨) અમદાવાદમાં શ્રી નરનારાયણદેવની સ્થાપના કયા દિવસે થઇ હતી ?
(૧) ફાગણ સુદ-૩ (૨) વૈશાદ સુદ-૫ (૩) શ્રાવણ વદ-૮ (૪) ફાગણ સુદ-૨

(૩) શ્રી કૃષ્ણ ભગવાન કોના સારથી થયા હતા ?
(૧) કંસ (૨) અક્રુર (૩)વસુદેવ (૪) પાર્થ

(૪) ધર્મદેવનો જન્મ કયા ગામમાં થયો હતો ?
(૧) તીનવા (૨) છપૈયા (૩) અયોધ્યા (૪) ઇટાર

(૫) શ્રી સ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી ઉપર કેટલા વર્ષ રહ્યા હતા ?
(૧) ૩૦ વર્ષ ૧૧ માસ ૯ દિવસ (૨)૪૯ વર્ષ ૨ માસ ૧ દિવસ (૩) ૪૯ વર્ષ ૯ માસ ૯ દિવસ (૪) ૪૯ વર્ષ ૧ માસ ૨ દિવસ

(૬) શ્રી સ્વામિનારાયણ ભગવાન કયા દિવસે અંતર્ધાન થયા હતા ?
(૧) જેઠ સુદ-૧૦ (૨) આષાઢ સુદ-૧૧ (૩) જેઠ સુદ-૧૧ (૪) વૈશાખ વદ-૧૦

(૭) વામન ભગવાને બલિરાજા પાસે કેટલા પગલાં ભૂમિદાનમાં માંગી હતી ?
(૧) ૪ (૨) ૩ (૩) ૧૦૮ (૪) એકેય નહી

(૮) રથયાત્રાનો મુખ્ય ઉત્સવ કયાં થાય છે ?
(૧) કાશી (૨) અયોધ્યા (૩) દ્વારકા (૪) જગન્નાથપુરી

(૯) શ્રી વેદવ્યાસ ભગવાનનો જન્મ કયા દિવસે થયો હતો ?
(૧) શ્રાવણ સુદ-૫ (૨) જેઠ વદ-૩૦ (૩) આષાઢ સુદ-૧૫ (૪) આષાઢ સુદ-૧૧

(૧૦) શ્રીવેદવ્યાસ ભગવાનની માતાનું નામ શું હતું ?
(૧) વિદુરા (૨) સત્યવતી (૩) કાલિંદી (૪) અનસૂયા

## :: શબ્દ રચના ::

સહજાનંદ સ્વામીએ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરેલ ચાતુર્માસને વિષે લેવાના આઠ વિશેષ નિયમો અહીં કોયડામાં આપેલા છે તે શોધો અને કોઇ એક નિયમ લેવાની પ્રતિજ્ઞા કરો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| kp | ` | L | d | ÷p | Ó | `p | W | â | N |
| ôp | Å | h | ` | â | L | v | Z | Ó | _ |
| _p | qL | Å | õLp | L | \p | î | h | Z | f |
| Lp | Ó | rn | _ | kp | hp | s | S› | ` | N |
| d | Ip | õLp | f | õsp | Q | L | ` | Å | Z |
| L | N | kp | ôp | N | _ | d | õLp | f | qL |
| \p | Z | d | Ó | Zp | hp | Ip | î | dp | s |
| s | õsp | kp | rn | Ó | L | ` | Q | mp | _ |
| ` | ôp | v | ` | qL | s | Å | hp | â | L |
| d | â | Å | k | Ðk | N | D | ` | hp | k |

તા.૩૦-૬ આષાઢ સુદ-૧૧ શરુ થતો

**ચાતુર્માસના વિશેષ નિયમો :**

૧. મંદિરમાં રોજ ૬ દંડવત્ અને ૧૧ પ્રદિક્ષણા કરવી.
૨. દરરોજ આરતીમાં - શ્રી ઘનશ્યામ બાલસભામાં જવું.
૩. દરરોજ પૂજા કરવી - ૫ માળા કરવી - એક કીર્તન બોલવું.
૪. સ્વામિનારાયણ વાંચનમાળાની એક વાર્તા વાંચવી.
૫. બજારનું કંઇ પણ ખાવું પીવું નહિ.
૬. રાત્રે સૂતી વખતે શ્રીહરિના ૧૦ નામો યાદ કરવા.
૭. ટી.વી.માં કોઇ પણ ફિલ્મ જોવી નહિ.
૮. એકાદશીએ ઉપવાસ કાં એકટાણું કરવું.
૯. પૂનમ કે એકાદશીના ભુજ દર્શન કરવા જવું.
૧૦. ઘરમાં દરેક સભ્યોને જય સ્વામિનારાયણ કહેવા.

બાળમિત્રો ! આ દસમાંથી કોઇ પણ એક-બે-ત્રણ શાતિ અને સમયને અનુસારે નિયમો લેવા ચાતુર્માસ કોરો ન જવા દેવો.


## :: જ્ઞાનમાળાના જવાબ ::

હમિરસરોવર, કર્ક, કૌશલ્યા, નારદમુનિ, ભીષ્મ, ૧૨, અ, બ, ક, ત્રણેય, સત્યમેવ જયતે, નારાયણ સરોવર, વિશ્વામિત્ર,

**ઉખાણાંના જવાબ :** રામ, પોપટ, કેળા, સમય

જ્ઞાનસરિતામાં આપેલ જ્ઞાનમાળા, કોયડો, વગેરેના ઉત્તરો સારા અક્ષરે લખી. આપેલ માહિતીને અનુસારે સારા અક્ષરે સરનામું લખી. શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ અથવા કચ્છશ્રી નરનારાયણ દેવ યુવક મંડળ કાર્યાલયમાં આપવું. ભાગ લેશે શ્રી ઘનશ્યામબાલ-બાલિકામંડળના બાળકો.

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| õhp | rs | L | fp | v | õhp | f | i | ` | qf | a | ^ |
| du | dp | Z | _ | f | L | rd | Å | I | e | d | d |
| _p | f | O | þep | O | rd | íep | d | ` | f | _u | _ |
| e | óZ | s | _ | k | I | f | _ | íep | d | g | W |
| Î | _ | e | f | íep | g | L | f | Z | s | L | du |
| rd | s | õhp | L | _p | d | k | e | _p | fp | W | v |
| þep | g | L | f | Z | L | fp | I | L | óZ | k | vp |
| g | _u | k | õhp | du | _p | O | ` | Z | g | Å | k |
| O | g | I | qf | L | óZ | v | þep | _u | d | e | f |
| ` | L | Å | v | k | Z | W | d | f | k | d | Z |
| íep | g | _ | L | f | O | Z | _u | k | bp | f | v |
| k | d | v | qf | õhp | rd | _p | fp | e | Z | _ | e |



# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૨૫ | શ્રી ઘનશ્યામ વિજય શો મિલ | ઈન્દોર | શ્રીહરિ પ્રસન્નાતાર્થે ભેટ |
| ૨૫૧ | શ્રી એમ.એચ. પટેલ અને મિલન | સુખપર | જન્મદિવસ નિમિત્તે |
| ૧૫૧ | શ્રી રમેશ દેવજી પોકાર | દયાપર હાલે સુરત | સુપુત્ર ચિ.ભાવેશને ત્યાં પુત્રી જન્મી તે નિમિત્તે શ્રી હરિ |
| ૧૦૦ | શ્રી જયંતીલાલ માવજી ચૌહાણ | આમારા | સુપુત્રી ચિ.ભૂમિકાની પુત્રી ચિ.હસ્તીના જન્મ નિમિત્તે |
| ૫૧ | શ્રી નારાણભાઈ કે. પટેલ | અમદાવાદ | શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૫૦૦ | અ.નિ. મનજી શિવજી વાઘાણી તથા | | |
| | અ.નિ. દેવકીબેન મનજી તથા | | |
| | અ.નિ. અમૃતલાલ મનજી | નાના અંગીયા | કથા પારાયણ નિમિતે |
| ૧૦૧ | પાર્થ હરેશકુમાર પ્રવીણચંદ્ર જેઠી | ભુજ | ધો. ૬ ની પરીક્ષામાં બીજા નંબરે ઉત્તીર્ણ થતાં |
| ૧૦૧ | વંશ વિનોદભાઈ વરસાણી | મદનપુર | જન્મદિવસ નિમિત્તે |
| ૧૦૧ | ઈન્દ્રવદન અરવિંદ પટેલ | લસુંદ્રા | જન્મદિવસ નિમિત્તે |
| ૧૦૧ | દેવજી પ્રેમજી જોધાણી | ભક્તિનગર | સુપુત્ર ચિ.નંદન અને સુપુત્રી ચિ. કુંતિના જન્મદિવસ નિમિત્તે |
| ૧૦૦ | હર્ષિદા હરજી કેરાઈ | કોડકી | જન્મ નિમિતે |
| ૫૦૦ | શ્રી નીલકંઠ યાત્રા સંઘ | માધાપર | ચારધામ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થતાં શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૧૫૧ | ગોવિંદ કરસન વરસાણી | માધાપર | ચારધામ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ થતાં શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૫૦ | વિશ્રામ કરસન વરસાણી | માધાપર | ચારધામ યાત્રા નિર્વિઘ્ને પૂર્ણ |
| | હ.ધ.પ. રામબાઈ | | થતાં શ્રીહરિ પ્રસન્નાર્થે |
| ૧૦૦ | પ્રેમજી શિવજી ગોરસીયા | સુખપર નવોવાસ | સુપુત્ર ચિ.જયના લગ્નપ્રસંગે ખુશાલી ભેટ |
| ૧૦૦ | માનબાઈ રત્ના શિવજી વેલાણી | સુખપર જુનોવાસ | ચારધામ યાત્રા નિર્વિઘ્ન પૂર્ણ થતાં શ્રી હરિ પ્રસન્નાર્થે |
| ૫૧ | જયેશભાઈ એમ. પોપટ | ભુજ | સુપુત્ર ચિ.વર્ધન ધો.૧૨ સાયન્સમાં પાસ થતાં |
| ૫૧ | મણિલાલ જી. પોપટ | ભુજ | નવી ગાડી લીધી તે નિમિતે |
| ૫૦૦ | અ.નિ. મનજી કરસન શિયાણી | ભકિતનગર | કથા પાયણ નિમિત્તે |
| | હ. ગં.સ્વ. જશુબેન મનજી | માનકુવા | |
| ૫૦૦ | મહિલા મંડળ | ભુજ | અ.નિ.સાં.યો.મહંત ધનબાઈ કારાની પુણ્યસ્મૃતિમાં પ્રસાદી |
| | | | મંદિરમાં કથા પારાયણ નિમિત્તે |
| ૧૦૦૦ | રઘુનાથ મંડળ તથા | | સ.ગુ.સ્વામી મહાપુરુષ દાસજી |
| | કચ્છ શ્રી નરનારાયણ દેવ યુવક મંડળ | નારાણપર | પ્રેરણાથી પ્રસાદીના મંદિરે રાજોપચાર પ્રસંગે. |
| ૧૦૧ | ગોવિંદ પ્રેમજી ભીમજી વરસાણી | માધાપર | ચારધામ નિર્વિઘ્ને પૂર્ણ થતાં |
| ૫૦૦ | નાથાભાઈ હરજીભાઈ હાલાઈ | સુખપર | પ્રસાદી મંદિરમાં કથા પારાયણ નિમિત્તે |














(૧) ગોધરા પુનઃ નિર્માણ મંદિર દશાબ્દી મહોત્સવમાં પંચામૃતથી શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક કર્તા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા સંતો. (૨-૩) વિશાળ સંખ્યામાં બહેનો તથા હરિભક્તો ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કરી રહ્યા છે. (૪) ઠાકોરજી તથા પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની ભવ્ય નગરયાત્રા. (૫-૬-૭) શ્રી નરનારાયણદેવ સાહિત્ય કેન્દ્રનું ઉદ્‌ઘાટન કરી અવલોકન કરતાં પ.પૂ. મહારાજશ્રી તથા મહંત સ્વામી-ભુજ. (૮ થી ૧૨) શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં સાં.યો. મહંત સામબાઈના નેતૃત્ત્વ હેઠળ એક દિવસીય મહિલા સત્સંગ શિબિર.

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
WPP Lic No. G-PMG-RJT/001/UPTO 30-06-2012

# શ્રી સ્વામિનારાયણ મંદિર ભુજમાં યોજાઈ પંચાહ્ન ભક્તચિંતામણી પારાયણ

















(૧) પોથી પૂજન બાદ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં યજમાનશ્રીઓ. (૨-૩) આરતીનો લાભ લેતા યજમાન બહેનો, સામૈયા સાથે શોભાયાત્રામાં જોડાયેલ બહેનો. (૪) યજમાન પરિવાર વતી ઠાકોરજીને ચાંદીનો વાટકો-થાળી તથા સુવર્ણ ચેન અર્પણ કરતા યજમાનવતી ગં.સ્વ. માનબાઈના જમાઈઓ. (૫) યજમાન ગં.સ્વ. માનબાઈને પુષ્પમાળા પહેરાવી આશીર્વાદ આપતા મહંત સાં.યો. સામબાઈ ફઈ. (૬) યજમાન પરિવાર પહેરામણઈ બાદ પ.પૂ. મહારાજશ્રી તથા મહંત સ્વામીની સાથે. (૭) ભવ્ય નગરયાત્રામાં રથારૂઢ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા મહંત સ્વામી આદિ સંતો. (૮) વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહી કથાનું શ્રવણ કરતા ભક્ત સમૂદાય.